" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-195 | AD-2026, Vaishakh Sud -06 | Wednesday, Dt.22-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટેના પ્રચારના અંતિમ દિવસે મલ્લિકાર્જુન ખડગેનો બફાટ

## કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ પીએમ મોદીને 'આતંકવાદી' કહેતા રાજકીય ખળભળાટ

ચેન્નાઈ,તા.૨૧

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટેના પ્રચારના અંતિમ દિવસે રાજકીય વાતાવરણ અત્યંત ગરમાયું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને AIADMK પર આકરા પ્રહારો કરતા પીએમ મોદી માટે 'આતંકવાદી' શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી ગયા છે.

તમિલનાડુના ચેલાચેરીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ખડગેએ કહ્યું કે, 'AIADMK વડાપ્રધાન મોદી સાથે કેવી રીતે જોડાઈ શકે? તે એક આતંકવાદી જેવું વર્તન કરે છે અને સમાનતામાં માનતા નથી. તેમની પાર્ટી ન્યાય અને લોકશાહીમાં માનતી નથી, અને આવા લોકો સાથે ગઠબંધન કરવાનો અર્થ લોકશાહીને નબળી પાડવી છે.'

આ નિવેદન બાદ ભાજપે આક્રમક વલણ અપનાવતા માફીની માંગ કરી હતી. વધતા વિવાદ વચ્ચે ખડગેએ તાત્કાલિક સ્પષ્ટતા જારી કરતા કહ્યું કે, 'મેં ક્યારેય વડાપ્રધાનને વ્યક્તિગત રીતે આતંકવાદી કહ્યા નથી. મારા કહેવાનો તાત્પર્ય એ હતો કે તેઓ વિપક્ષી નેતાઓ અને રાજકીય પક્ષોને ડરાવે છે. તેઓ સીબીઆઈ, ઈડી અને આવકવેરા વિભાગ જેવી સરકારી સંસ્થાઓનો દુરુપયોગ કરીને લોકોમાં ભય પેદા કરે છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે મોદી




સરકાર લોકશાહી ઢબે ચૂંટાયેલા પ્રતિનિધિઓને નિશાન બનાવી રહી છે.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ નિવેદનની સખત નિંદા કરતા જણાવ્યું કે, 'કોંગ્રેસ અને ડીએમકેએ ભારતના લોકશાહી રીતે ચૂંટાયેલા વડાપ્રધાનનું આટલા નીચલા સ્તરે જઈને અપમાન કર્યું છે, જે શરમજનક છે. આ નિવેદન માત્ર વડાપ્રધાનનું જ નહીં પરંતુ દેશના ૧૪૦ કરોડ ભારતીયો અને ૮ કરોડ તમિલ ભાઈ-બહેનોનું અપમાન છે. રાહુલ ગાંધી અને એમ.કે. સ્ટાલિને આ બદલ માફી માંગવી જોઈએ.'

ભાજપના સાંસદ સંબિત પાત્રાએ આને કોંગ્રેસનું પૂર્વઆયોજિત કાવતરું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીના ઈશારે જ વડાપ્રધાન વિરુધ્ધ આવી અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પાત્રાએ કટાક્ષ કરતા કહ્યું કે જે પાર્ટી ઓસામા બિન લાદેનને 'જી' કહીને સંબોધે છે, તે દેશના વડાપ્રધાનને આતંકવાદી કહી રહી છે. તેમણે ચેતવણી આપી કે જનતા બેલેટ પેપર દ્વારા આ અપમાનનો જડબાતોડ જવાબ આપશે. તમિલનાડુમાં ૨૩ એપ્રિલે મતદાન થવાનું છે. આ સમયે ખડગેનું આ નિવેદન ભાજપ માટે મોટો મુદ્દો બની ગયું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ કેરળમાં પ્રચાર દરમિયાન પણ ખડગેએ ગુજરાતના લોકોને 'અભણ' કહીને વિવાદ વહોર્યો હતો. ગુજરાતમાં ૨૬ એપ્રિલે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી અને ૨૮ એપ્રિલે પરિણામો હોવાથી, આ નિવેદન કોંગ્રેસ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. કોંગ્રેસ અને ડીએમકેનું ગઠબંધન આ વિવાદમાંથી કેવી રીતે બહાર નીકળે છે તે જોવું રહ્યું.

## પં.બંગાળમાં 'દીદી'ને હટાવવાનો સમય આવી ગયો છે : ગૃહમંત્રી અમિત શાહ

કોલકાતા,તા.૨૧

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે. દાર્જિલિંગના કુર્સેઓંગમાં એક જાહેર સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મમતા બેનર્જી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે દાવો કર્યો કે સમગ્ર બંગાળ હવે પરિવર્તન ઈચ્છે છે અને જનતાએ 'દીદી' ને સત્તા પરથી હટાવવાનું નક્કી કરી લીધું છે.



અમિત શાહે વિશ્વાસ અપાવ્યો કે જો ભાજપ સત્તા પર આવશે, તો ગોરખા સમુદાયની વર્ષો જૂની સમસ્યાઓનો ૬ મહિનામાં કાયમી ઉકેલ લાવવામાં આવશે.

તેમણે સરકાર પર પક્ષપાતનો આરોપ લગાવતા કહ્યું કે, તૃણમૂલ સરકારે ઉત્તર બંગાળ અને પર્વતીય વિસ્તારો માટે માત્ર રૂ.૨,૦૦૦ કરોડ ફાળવ્યા છે, જ્યારે લઘુમતી વિસ્તારો અને મદરેસાઓ માટે રૂ.૫,૮૦૦ કરોડનું બજેટ રાખ્યું છે. મહિલા સુરક્ષાઃ સંદેશખલીની ઘટનાનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે મમતા શાસનમાં મહિલાઓ પર અત્યાચાર વધ્યા છે. ભાજપ સરકાર બનતા જ તમામ ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે.

અમિત શાહે દિવસ દરમિયાન કુર્સેઓંગ, કુલ્ટી, સાલબોની અને ચાંદીપુરમાં ઉપરાઉપરી ચાર રેલીઓ યોજીને ભાજપના પક્ષમાં મતદાન કરવા અપીલ કરી હતી. તેમણે ઉત્તર બંગાળના વિકાસ માટે એક તક આપવા જનતાને આહ્વાન કર્યું હતું.

## હવામાનની ચેતવણી : ગંગાના મેદાનો, ગુજરાત અને મહારાષ્ટ્રમાં આકરી ગરમીની આગાહી

નવી દિલ્હી,તા.૨૧

ભારતીય હવામાન વિભાગ (IMD) એ ચાલુ વર્ષે એપ્રિલથી જૂન દરમિયાન દેશના વિવિધ ભાગોમાં તીવ્ર ગરમી અને હીટવેવ (લૂ) ની ગંભીર ચેતવણી જારી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગંગાના મેદાનો, પૂર્વીય દરિયાકાંઠાના રાજ્યો, ગુજરાત અને મહારાષ્ટ્રમાં તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે ઊંચું રહેવાની ધારણા છે. આઈએમડીના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું



કે વિદર્ભમાં તાપમાન ૪૨ ડિગ્રીને વટાવી શકે છે, જ્યારે ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં મે મહિના દરમિયાન પારો ૪૪ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. પશ્ચિમ બંગાળ, ઓડિશા, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને છત્તીસગઢ જેવા રાજ્યો ગરમીના મોજાથી વધુ પ્રભાવિત થશે. આ ઉપરાંત રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર મહારાષ્ટ્રમાં પણ કાળઝાળ ગરમીની અસર વર્તાશે. સુરક્ષા અને માહિતીઃ ગરમીથી બચવા માટે સરકાર વોટ્સએપ, ડિસ્પ્લે બોર્ડ અને 'કોમન એલર્ટ પ્રોટોકોલ' દ્વારા ખેત મજૂરો અને શેરી વિક્રેતાઓ સુધી સાવચેતીના સંદેશા પહોંચાડી રહી છે. વિભાગ દર ગુરુવારે આગામી ચાર અઠવાડિયા માટે 'વિસ્તૃત શ્રેણીની આગાહી' જારી કરશે, જેથી નાગરિકો અગાઉથી તૈયારી કરી શકે. સતત વધતા તાપમાનને જોતા લોકોને બપોરના સમયે સાવચેત રહેવા અને પૂરતું પાણી પીવા અપીલ કરવામાં આવી છે.

### સાયબર ગુનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી

## બંદૂક નહીં, હવે મોબાઈલ છે ગુનેગારોનું હથિયાર : સીજેઆઈ સૂર્યકાંત

નવી દિલ્હી,તા.૨૧

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્ય કાંતે દેશમાં વધતા સાયબર ગુનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સીબીઆઈ (CBI) ના એક કાર્યક્રમમાં સંબોધન કરતા તેમણે જણાવ્યું કે, વર્તમાન સમયમાં ગુના કરવાની પધ્ધતિ બદલાઈ ગઈ છે. હવે ગુનેગારો હથિયારોને બદલે મોબાઈલ ફોન, નકલી કોલ્સ અને એપ્સ દ્વારા લોકોને નિશાન



બનાવી રહ્યા છે.

સીજેઆઈના જણાવ્યા અનુસાર, છેલ્લા બે વર્ષમાં સાયબર છેતરપિંડીના કારણે દેશને અંદાજે રૂ.૪૪,૦૦૦ કરોડનું આર્થિક નુકસાન થયું છે. તેમણે ખાસ કરીને 'ડિજિટલ એરેસ્ટ' ના વધતા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો હતો. આ પધ્ધતિમાં ગુનેગારો પોલીસ, સીબીઆઈ કે ઈડીના અધિકારી બનીને લોકોને ધરપકડનો ડર બતાવે છે અને લાખો રૂપિયા પડાવે છે. ન્યાયાધીશે નોંધ્યું કે નિવૃત્ત લોકો અને વૃધ્ધો આ છેતરપિંડીનો સૌથી વધુ ભોગ બને છે, જેઓ પોતાની જીવનભરની મૂડી ગુમાવી દે છે. આ માત્ર આર્થિક જ નહીં પણ માનસિક રીતે પણ આઘાતજનક છે. આ ઉપરાંત, તેમણે જણાવ્યું કે આ ગેંગ માત્ર ભારતમાં જ નહીં, પણ દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાંથી આંતરરાષ્ટ્રીય સ્તરે કાર્યરત છે, જે ડેટા ચોરી અને રોકાણ કૌભાંડો આચરે છે. સીજેઆઈ સૂર્ય કાંતે સાયબર ક્રાઈમ સામે લડવા માટે સંયુક્ત પ્રયાસો પર ભાર મૂક્યો છેઃ સહયોગઃ પોલીસ, બેંકો, ટેલિકોમ કંપનીઓ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે સાથે મળીને કામ કરવું જોઈએ. તકનીકી ઉકેલઃ સીબીઆઈની નવી 'ચેટબોટ' સિસ્ટમની તેમણે પ્રશંસા કરી, જે લોકોને મળેલી નોટિસ સાચી છે કે ખોટી તે તપાસવામાં મદદ કરશે. અદાલતોએ પણ ડિજિટલ પુરાવાઓને સમજવા માટે પોતાની કાર્ય પધ્ધતિને અપડેટ કરવી પડશે.

## તમિલનાડુ ચૂંટણીમાં ૧૮% ઉમેદવારો પર ફોજદારી કેસ અને ૨૫% કરોડપતિ

નવી દિલ્હી,તા.૨૧

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના અહેવાલ મુજબ, તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માં લડતા ૩,૯૯૨ ઉમેદવારોમાંથી ૧૮% (૭૨૨) ઉમેદવારો ફોજદારી પૃષ્ઠભૂમિ ધરાવે છે, જેમાં ૧૦% પર ગંભીર કેસો છે. ૨૦૨૧ ની સરખામણીએ આ આંકડો વધ્યો છે.




આર્થિક સ્થિતિની વાત કરીએ તો, ૨૫% (૯૮૧) ઉમેદવારો કરોડપતિ છે અને ૨૨ ઉમેદવારો અબજપતિ છે. પક્ષવાર વિશ્લેષણમાં ડીએમકે (DMK) ના ૯૭% અને કોંગ્રેસના ૯૬% ઉમેદવારો કરોડપતિ છે. આ વર્ષે ઉમેદવારોની સરેરાશ સંપત્તિ વધીને રૂ.૫.૧૭ કરોડ થઈ છે. શિક્ષણમાં ૪૬% ઉમેદવારો સ્નાતક છે, જ્યારે મહિલા પ્રતિનિધિત્વ માત્ર ૧૧% છે.





## પરિવારનો ખર્ચ ન ઉઠાવી શકો તો લગ્ન ન કરો : અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ



અલ્હાબાદ,તા.૨૧

એક વિવાદિત કેસની સુનાવણી દરમિયાન અલ્હાબાદ હાઈકોર્ટે મહત્વનું અવલોકન કર્યું છે. કોર્ટે જણાવ્યું કે, જો કોઈ પુરુષ પત્ની અને બાળકોનો ખર્ચ ઉઠાવી શકતો નથી, તો તેણે લગ્ન ન કરવા જોઈએ. એકવાર લગ્ન કર્યા પછી, પતિ પોતાની નબળી આર્થિક સ્થિતિનું બહાનું કાઢીને ભરણપોષણની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે તેજ બહાદુર મૌર્યની અરજી ફગાવી દીધી, જેમાં તેમણે પત્નીને માસિક રૂ.૪,૦૦૦ ચૂકવવાના ફેમિલી કોર્ટના આદેશને પડકાર્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ તેની કાનૂની અને નૈતિક જવાબદારી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
બુધવાર, તા.૨૨-૦૪-૨૦૨૬

## ધંધુકાની ઘટનાના મુદ્દે અમરેલીમાં ઘેર પડઘા પડ્યા

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની જેહાદી આતંકીઓને ફાંસી આપવા માગણી

અમરેલી,તા. ૨૧



આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-અમરેલી દ્વારા ધંધુકામાં ધર્મેશ ભરવાડની પાકિસ્તાની ઝેહાદી આતંકીઓ દ્વારા હત્યાના વિરોધમાં આરોપીઓને ફાંસી આપવા અને ગુજરાતનાં હિન્દુઓને સુરક્ષા આપવા બાબત જિલ્લા કલેકટરના માધ્યમથી ગૃહ મંત્રી ગુજરાત સરકાર અને ગૃહમંત્રી ભારત સરકારને પત્ર લખી માગણી કરી છે. પત્રમાં વધુમાં જણાવ્યું હતું કે, ધંધુકામાં ધર્મેશ ગમારા ભરવાડની પાકિસ્તાની જેહાદી આતંકીઓ દ્વારા તા.૧૮.૦૪.૨૦૨૬ ના રોજ નિર્મમ હત્યા કરાયેલ છે. આ પહેલા જેહાદી આતંકી તત્વો દ્વારા ધંધુકામાં જ કિશન ભરવાડની હત્યા કરાયેલ હતી. છેલ્લા ૧૦ વર્ષોમાં ધંધુકામાં હિંદુઓની હત્યાની આ પાંચમી ઘટના છે. ગુજરાત સહિત ભારતમાં પાકીસ્તાની જેહાદી આતંકવાદીઓ દ્વારા આજે પણ હિંદૂઓનો નરસંહાર થઈ રહેલ છે, હિંદુઓની જાન માલની રક્ષા કરવાની જવાબદારી સરકારની છે. સરકાર દ્વારા આવા તત્વો સામે દાખલારૂપ પગલા લઈને કાયદાનું ભાન કરાવવુ જોઈએ. પરિષદની માગણી છે કે, પાકિસ્તાની જેહાદી તત્વોનો સમગ્ર ગુજરાતમાં આર્થિક બહિષ્કાર કરવામાં આવે, ધર્મેશ ભરવાડના હત્યારાને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા તાત્કાલિક ફાંસી આપવામાં આવે, ગુજરાતમાં રહેતા પાકિસ્તાની જેહાદી તત્વોની બેનામી અને ગેરકાયદેની મિલકતો જપ્ત કરવામાં આવે.

# સાવરકુંડલાના જીરા અને કરજાળા ગામે મહેશભાઈ કસવાલાની ચૂંટણી સભા

સાવરકુંડલા,તા.૨૧



સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોના પ્રવાસ અંતર્ગત ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા આજે કરજાળા અને જીરા ગામે ભવ્ય ચૂંટણી સભાઓ ગજવવામાં આવી હતી.

આ સભાઓમાં જિલ્લા પંચાયતના ઉમેદવાર દક્ષાબેન ચોડવડીયા સહિત નેસડી, જીરા, જુના સાવર અને સીમરણ બેઠકના ઉમેદવારોના સમર્થનમાં જનસભાને સંબોધવામાં આવી હતી. ધારાસભ્ય મહેશ કસવાળાએ પોતાના પ્રવચનમાં સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી

# અમરેલી નગરપાલિકા ચૂંટણી માટે ભાજપનો ઢંઢેરો જાહેર, સ્માર્ટ સિટી અને ઐતિહાસિક વિકાસનાં વચનો

અમરેલી , તા.૨૧




અમરેલી નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે ચુંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી તથા પી.પી. સોજીત્રા દ્વારા યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં આગામી પાંચ વર્ષમાં અમરેલીને સ્માર્ટ સિટી બનાવવા કટિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. શહેરમાં આઈકોનિક રોડના વિકાસ, ડસ્ટ ફ્રી સિટી બનાવવા તથા આધુનિક સુવિધાઓ વધારવા અંગે વિશેષ આયોજન રજૂ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, રાજમહેલ અને ટાવર જેવી ઐતિહાસિક ધરોહરના સંવર્ધન અને વિકાસ માટે પણ મહત્વપૂર્ણ વચનો આપવામાં આવ્યા હતા. ભાજપે શહેરના સર્વાંગી વિકાસ સાથે સંસ્કૃતિ જાળવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# જનક તળાવીયાનાં પ્રયત્નથી ભીલા-વાંડળીયા રોડના નવીનીકરણ માટે રૂ. ૩.૩૦ કરોડ મંજૂર

બાબરા ,તા.૨૧



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સક્રિય પ્રયાસોને પરિણામે બાબરા તાલુકાના ભીલા અને વાંડળીયા ગામને જોડતા અત્યંત જર્જરિત માર્ગના રીસર્ફેસિંગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩.૩૦ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ મહત્વપૂર્ણ માર્ગ લાંબા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાની ગંભીરતાને સમજી ધારાસભ્યએ રાજ્ય સરકારમાં અસરકારક રજૂઆત કરી હતી જેના ફળસ્વરૂપે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ રકમથી રોડનું સંપૂર્ણપણે નવીનીકરણ કરવામાં આવશે જેની મદદથી વાહનવ્યવહાર વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. આ માર્ગ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન કડી હોવાથી ખેડૂતો અને વિદ્યાર્થીઓને પણ મોટો ફાયદો થશે.

# જાફરાબાદમાં મોબાઈલ નેટવર્કની કથળતી સેવાને લઈ જનતામાં ભારે રોષ

**મોંઘા રિચાર્જ છતાં સુવિધાના અભાવથી આગેવાનની રજૂઆત**

જાફરાબાદ,તા. ૨૧

જાફરાબાદ શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી જીયો, વીઆઈ, એરટેલ અને બીએસએનએલ જેવી તમામ મુખ્ય કંપનીઓના મોબાઈલ નેટવર્કમાં સતત ધાંધિયા જોવા મળી રહ્યા છે. ટેલિકોમ કંપનીઓએ રિચાર્જના દરોમાં તોતિંગ વધારો ઝીંક્યો હોવા છતાં ગ્રાહકોને યોગ્ય કનેક્ટિવિટી કે મોબાઈલ ડેટાની સ્પીડ મળી રહી નથી.

આ સમસ્યાને કારણે સ્થાનિકોને વાતચીત કરવામાં અને ઓનલાઈન કામકાજમાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ ગંભીર મુદ્દે કોળી સમાજના આગેવાન હમીરભાઈ સોલંકીએ મેદાનમાં આવીને ઉચ્ચ અધિકારીઓને લેખિત અને ટેલિફોનિક રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે આજના ડિજિટલ યુગમાં લોકોને પડતી મુશ્કેલીઓ નિવારવા નેટવર્ક ટાવરોની ક્ષમતા તાકીદે સુધારવામાં આવે છે.

# અમરેલીમાં જમવા બાબતે થયેલા હુમલામાં સારવાર દરમિયાન યુવકનું મોત

અમરેલી,તા.૨૧

અમરેલીમાં સિવિલ હોસ્પિટલ ખાતે ગત તારીખ ૧૭/૦૪/૨૦૨૬ના રોજ મહેશભાઈ પ્રેમજીભાઈ રાઠોડ પર અન્નક્ષેત્રમાં જમવા બાબતે થયેલી બોલાચાલી બાદ પ્લાસ્ટિકના પાઈપ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેમને માથા અને હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર દરમિયાન મહેશભાઈનું તારીખ ૨૦/૦૪/૨૦૨૬ના રોજ મૃત્યુ નીપજતા આ બનાવ હત્યામાં પલટાયો હતો. જેના કારણે પરિવારે આરોપીઓની ધરપકડ અને ફરિયાદમાં 'ખૂન'ની કલમ ઉમેરવાની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો.જેથી પોલીસે તમામ આરોપીઓ સામે હત્યાનો ગૂનો નોંધી કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. પોલીસે મૃતક મહેશભાઈના મૃતદેહને પેનલ પીએમ માટે ભાવનગર મોકલી આપેલ છે.

# અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૪ હજાર નવયુવાઓ પ્રથમવાર કરશે મતદાન

અમરેલી,તા. ૨૧

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ અમરેલી જિલ્લામાં આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત જિલ્લાની ૦૬ નગરપાલિકાઓ અને ૧૧ તાલુકા પંચાયતોમાં સામાન્ય ચૂંટણીઓ યોજાશે. આ વખતે જિલ્લામાં અંદાજિત ૧૪,૦૦૦ જેટલા ૧૮ થી ૨૦ વર્ષની વયના નવયુવાનો પ્રથમ વખત પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વમાં સહભાગી બનશે જે ખરેખર ગૌરવની બાબત છે. યુવા મતદારોમાં જોવા મળી રહેલો ભારે ઉત્સાહ લોકશાહીને વધુ સશક્ત બનાવશે અને ૨૮ એપ્રિલે મતગણતરી બાદ પરિણામો જાહેર થશે. વહીવટી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવા માટેના ખાસ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે જેથી દરેક નાગરિક પોતાના ગામ કે શહેરના વિકાસ માટે નૈતિક ફરજ સમજીને અવશ્ય મતદાન કરે.

# બાબરામાં આવેલી મામલતદાર કચેરીમાં કર્મચારીઓની ગેરહાજરીથી જનતા પરેશાન

**વહીવટી કામ પતાવવા જતા અરજદારોને થતા ધરમધક્કા**

બાબરા,તા.૨૧

બાબરા મામલતદાર કચેરી ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે કારણ કે અહીં ઓફિસ સમય દરમિયાન મોટાભાગના કર્મચારીઓ પોતાની સીટ પર હાજર જોવા મળતા નથી. દૂરદૂરના ગામડાઓમાંથી સવારના સાડા નવ વાગ્યાથી લાઈનમાં ઉભા રહેતા અરજદારોને જાતિના દાખલા, આવકનો દાખલો કે રેશનકાર્ડ જેવા પાયાના કામો માટે કલાકો સુધી રાહ જોવી પડે છે. કચેરીમાં વ્યવસ્થાનો અભાવ એટલી હદે છે કે અંતે કર્મચારીઓ દ્વારા મશીન બંધ હોવાના ખોટા બહાના બતાવી લોકોને ધક્કા ખવડાવવામાં આવે છે. એક જ ઓપરેટર પર ગજાબહારનું કામ હોવાથી અને ઉચ્ચ અધિકારીઓના કડક નિયંત્રણના અભાવે સામાન્ય નાગરિકોનો રોષ સતત વધી રહ્યો છે. વારંવારની રજૂઆતો અને રાજકીય દબાણ છતાં પણ તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે જે અત્યંત ગંભીર બાબત છે.

પબ્લિક હવે આ બાબતે કાયમી અને સચોટ નિકાલની માંગ કરી રહી છે.

# મેંદરડાના બગડુ ગામે પતિએ ઢીકાપાટુનો માર મારી પત્નીને ઘરમાંથી કાઢી મૂકી

**મોટી કુંકાવાવની યુવતીએ પતિ વિરૂધ્ધ વડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી**

વડિયા, તા. ૨૧

જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના બગડુ ગામે એક પરિણીતાને તેના જ પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી, મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. પરિણીતાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા ઘરકંકાસનો આ કિસ્સો ચર્ચામાં આવ્યો છે.હાલ મોટી કુંકાવાવમાં રહેતી રિધ્ધીબેન ગીરીશભાઇ હરીયાણી (ઉ.વ. ૩૪)એ ગૌતમભાઇ અશ્વિનભાઇ ગોડલીયા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તા. ૦૪/૦૧/૨૦૨૬ના રોજ સવારે નવેક વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. જ્યારે પરિણીતા અને તેના પતિ ઘરે હાજર હતા, ત્યારે નણંદનો છોકરો અને સાસુના ખોળામાં બેસેલી બાળકી અંદરોઅંદર ઝઘડો કરી રહ્યા હતા. બાળકોને શાંત રહેવા કહેતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. પતિએ 'તું તારા ઘરે જતી રહે, મારે તને રાખવી નથી' તેમ કહી બળજબરીપૂર્વક કાઢી મૂકી હતી. વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. ભાલસડિયા વધુ તપાસ કરી રહ્યા છે.









# અમરેલીમાં વેપારી પર છરીના ઘા ઝીંકનાર ત્રણ આરોપી ઝડપાયા

અમરેલી,તા.૨૧

અમરેલી શહેરના બીનાકા ચોક વિસ્તારમાં આવેલી ડીલક્ષ પાનની દુકાન પાસે એક ઘટના બની હતી જેમાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. વિગતવાર માહિતી મુજબ સિરાજભાઈ મહેબૂબભાઈ કુરેશી જ્યારે પોતાની દુકાને હાજર હતા ત્યારે એક્ટિવા પર આવેલા ત્રણ શખ્સોએ વાહન ભટકાવ્યા બાદ ઠપકો આપતા ઉશ્કેરાઈને હુમલો કર્યો હતો. આરોપીઓએ સિરાજભાઈને ઢીકાપાટુનો માર મારી એક્ટિવામાંથી છરી કાઢી જીવલેણ ઘા ઝીંક્યા હતા જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની સૂચનાથી સિટી પીઆઈ એમ.એમ. ઝાલાની ટીમે ગણતરીના કલાકોમાં દાદલીમિયા સૈયદ, ઈરફાનભાઈ સૈયદ અને અજુમિયા સૈયદ નામના ત્રણેય શખ્સોની ધરપકડ કરી ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.



# દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપાયો

**પોલીસે ૧૭૬૯ બોટલ વિદેશી દારૂ સહિત રૂા.૧૦.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી,તા.૨૧

અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂબંધીના કાયદા હેઠળ એક મહત્વપૂર્ણ કાર્યવાહી કરવામાં આવી છે. ભાવનગર એલ.સી.બી. ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાની આગેવાનીમાં ટીમે દહીથરા ગામ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ઢસા તરફથી આવતા એક ઈસુઝુ ડી-મેક્સ પીકઅપ વાહનને અટકાવી તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૧૭૬૯ બોટલો મળી આવી હતી. પકડાયેલ મુદ્દામાલમાં રોયલ સ્ટેગ અને આઈકોનીક વ્હિસ્કીની બોટલો, એક મોબાઈલ ફોન અને વાહન મળી કુલ ૧૦,૫૬,૫૪૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ ગુનામાં પચ્છેગામના વતની અને હાલ સુરત રહેતા ૫૨ વર્ષીય નરેશભાઈ નાગજીભાઈ બોદરાની ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક આરોપી અલ્પેશ ઉર્ફે કાળુને પકડવાની તજવીજ હાથ ધરી છે.



# અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે નાસતો ફરતો આરોપી ઝડપી પાડ્યો

અમરેલી,તા.૨૧

અમરેલી પેરોલ-ફર્લો સ્કવોર્ડ દ્વારા ભરણપોષણના કેસમાં પાંચ માસથી નાસતા ફરતા આરોપી રજનીકાંત રમણીકભાઈ રાઠોડને અરવલ્લીના બાયડ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. સાવરકુંડલા કોર્ટ દ્વારા પત્નીને ભરણપોષણની રૂ.૩૦,૦૦૦ની રકમ ન ચૂકવવા બદલ આરોપીને ૧૦૫ દિવસની સાદી કેદની સજા ફટકારવામાં આવી હતી. ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તા.૨૦/૦૪/૨૦૨૬ના રોજ આરોપીની ધરપકડ કરી તેને જેલ હવાલે કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# ચલાલા શહેરમાં ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે રણનીતિ ઘડાઈ

ચલાલા,તા.૨૧

અમરેલી જિલ્લાના ચલાલા ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પ્રચારાર્થે ભારતીય જનતા પાર્ટી દ્વારા એક મહત્વપૂર્ણ બેઠક અને જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયા અને જિલ્લા પ્રમુખ અભયસિંહ ચૌહાણ સહિતના અગ્રણીઓએ પ્રસિદ્ધ દાનમહારાજની જગ્યાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા, જ્યાં લઘુ મહંત મહાવીરબાપુ ભગત દ્વારા તમામનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચૂંટણીલક્ષી રણનીતિ અને પ્રચંડ જનસમર્થન માટે આ બેઠકમાં ધારગણી જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર મહાવીરબાપુ ભગતની ઉપસ્થિતિમાં આગામી ચૂંટણીની જીત માટે ખાસ રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. ચલાલા નગરપાલિકાના પ્રમુખ જયરાજભાઈ વાળા સહિત વિવિધ મોરચાના હોદ્દેદારો અને સદસ્યોએ આ બેઠકમાં હાજરી આપી કાર્યકરોમાં ઉત્સાહ ભર્યો હતો.



# સ્થાનિક સ્વરાજની ચૂંટણી: અમરેલી જિલ્લામાં સવેતન રજાની જાહેરાત

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા એક મહત્વપૂર્ણ આદેશ જારી કરવામાં આવ્યો છે. આ હુકમ મુજબ જિલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયતો અને ૦૬ નગરપાલિકાઓના વિસ્તારમાં કાર્યરત તમામ કર્મચારીઓ અને કામદારોને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાનના દિવસે પૂરતી સવેતન રજા અથવા નોકરીના સ્થળે મોડા આવવા કે વહેલા જવાની છૂટ આપવાની રહેશે. આ આદેશ સરકારી કચેરીઓ ઉપરાંત ખાનગી સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ અને હોસ્પિટલોને પણ સમાન રીતે લાગુ પડશે જેથી દરેક નાગરિક લોકશાહીના આ પર્વમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકે.

# અમરેલીમાં TRB જવાન અને પોલીસ પર ટ્રક ચઢાવી દેવાની ધમકી

અમરેલી,તા.૨૧

અમરેલી શહેરમાં ફરજ પર તૈનાત પોલીસ જમાદાર અને TRB જવાનો સાથે ગેરવર્તન કરી, ફરજમાં રુકાવટ ઊભી કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. આ મામલે પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે TRB જવાન મહેશભાઈ રાવતભાઈ ડેર (ઉ.વ. ૩૧) એ રોહિતભાઈ હિંમતભાઈ કાલેણા, હિંમતભાઈ કાલેણા તથા ચિંતનભાઈ હિંમતભાઈ કાલેણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, અમરેલીમાં ટ્રાફિક પોલીસ જમાદાર અને TRB જવાનો પોતાની કાયદેસરની ફરજ પર હતા. આ દરમિયાન એક ટ્રકનો ચાલક મોબાઈલ ફોન પર વાત કરતા-કરતા બેફિકરાઈથી ટ્રક ચલાવી રહ્યો હતો. ફરજ પરના જવાનોએ તેને અટકાવવાનો ઈશારો કર્યો હોવા છતાં, આરોપીએ ટ્રક ઊભો રાખ્યો નહોતો અને ચાલુ ટ્રકે જ જવાનોને ગાળો આપી હતી. જ્યારે TRB જવાનોએ પીછો કરીને ટ્રક અટકાવ્યો અને ચાલકને પોલીસ પાસે લઈ જઈ કાગળો માંગ્યા, ત્યારે તેણે દસ્તાવેજો રજૂ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.એટલું જ નહીં, રોહિતભાઈ કાલેણાએ ફોન કરીને અન્ય બે સાથીદારોને સ્થળ પર બોલાવી લીધા હતા. આ ત્રણેય શખ્સોએ ભેગા મળીને ફરજ પરના જવાનોને જાહેરમાં અપશબ્દો બોલ્યા હતા. આરોપી ચિંતનભાઈ કાલેણાએ પોલીસ અને TRB જવાનોને ×તમારા પર ટ્રક ચઢાવી દઈશું× તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સરકારી કર્મચારીની કાયદેસરની ફરજમાં રુકાવટ નાખવા, હુકમનો અનાદર કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી. મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

**પોલીસ સામે ફરજમાં રૂકાવટ કરતા ત્રણ સામે ગુનો દાખલ**

# સ્વામિનારાયણ ગુરુકુળ સા.કુંડલામાં નૂતન વર્ગ ખંડોનું કરાયું લોકાર્પણ

સાવરકુંડલા,તા.૨૧


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે અખાત્રીજના પવિત્ર દિવસે સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીના સંકલ્પથી ગુરુ ગોપાળાનંદ સ્વામી યજ્ઞશાળામાં બીજ મંત્ર જાપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક વિધિના આચાર્ય પદે વિદ્વાન ભાગવતાચાર્ય શ્રી રવિન્દ્ર મહારાજે સેવા આપી હતી. આ મંગલ અવસરે ગુરુકુળ વિજ્ઞાન પ્રવાહના નવનિર્મિત ત્રણ વર્ગ ખંડોનું ઉદઘાટન પૂજ્ય પુરાણી સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી સ્વામી તથા અન્ય વરિષ્ઠ સંતો અને જૂનાગઢથી પધારેલા પૂર્ણપ્રકાશ સ્વામીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

# જાફરાબાદમાં ટોકન લીધા વગર દરિયામાં માછીમારી કરવા ગયેલી બે બોટ પકડાઈ

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદ બંદર વિસ્તારમાં મત્સ્યઉદ્યોગના નિયમોનું ઉલ્લંઘન કરનાર બે બોટ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. દરિયાઈ સુરક્ષા અને નિયમોના ભાગરૂપે બોટનું ટોકન લેવું ફરજિયાત હોવા છતાં, આ પ્રક્રિયાનું પાલન કર્યા વગર માછીમારી કરવા ગયેલા બે શખ્સો પોલીસની તપાસમાં ઝડપાઈ ગયા હતા. જાફરાબાદ બંદરથી આશરે ૨ નોટિકલ માઈલ દૂર ટેટા પુલ પાસે પેટ્રોલિંગ દરમિયાન 'જમના સાગર' નામની બોટ ઝડપાઈ હતી. આ બોટના માલિક અને ટંડેલ મેરામણભાઈ વાઘાભાઈ શિયાળ (રહે. જાફરાબાદ, લાલબત્તી વિસ્તાર) બોટનું અધિકૃત ટોકન લીધા વગર જ માછીમારી કરવા નીકળી ગયા હતા. ટોકન વગર દરિયામાં પ્રવેશ કરીને નિયમોનો ભંગ કરવા બદલ તેમની સામે ગુનો નોંધાયો હતો.બીજા કિસ્સામાં 'હર હર મહાદેવ' નામની બોટ પણ ટોકન વગર માછીમારી કરતા પકડાઈ હતી. આ બોટના ટંડેલ રમેશભાઈ જેઠાભાઈ બારૈયા (રહે. જાફરાબાદ, ખારવા વાડ) એ ગુજરાત મત્સ્યઉદ્યોગ નિયમોનો ભંગ કર્યો હોવાનું સામે આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને માછીમારો માટે ટોકન પ્રથા ફરજિયાત કરવામાં આવી છે. આ નિયમનો અનાદર કરનારાઓ સામે તંત્રએ લાલ આંખ કરી છે.

# રાજુલાના સાંજણાવાવ ગામનો યુવક માવા લેવા જવાનું કહી નીકળ્યા બાદ ગુમ

રાજુલા, તા. ૨૧

રાજુલા તાલુકાના સાંજણાવાવ ગામેથી એક યુવાન રહસ્યમય રીતે ગુમ થયો હોવાની ઘટના સામે આવી છે. છેલ્લા ત્રણ દિવસથી યુવકનો કોઈ પત્તો ન લાગતા પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઈ છે.મળતી માહિતી મુજબ, સાંજણાવાવ ગામે રહેતા ૨૪ વર્ષીય શરદભાઈ ભરતભાઈ જોળીયા ગત તારીખ ૧૮/૦૪/૨૦૨૬ના રોજ બપોરે અઢી વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી ગામમાં 'માવા' લેવા જવાનું કહીને નીકળ્યા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં શરદભાઈ ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી. મિત્રો અને સગા-સંબંધીઓને ત્યાં તપાસ કરવા છતાં યુવાનની કોઈ ભાળ મળી ન હતી.અંતે, આ મામલે ગુમ થનાર યુવાનના ભાઈએ રાજુલા પોલીસ મથકે જાણ કરી છે. પોલીસે ગુમશુદાની નોંધ કરી યુવાનની શોધખોળ શરૂ કરી છે. જો કોઈને આ યુવાન બાબતે જાણકારી મળે તો નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.












## તંત્રી લેખ

# પેટ્રોલ ડીઝલનો વિકલ્પ હવે જરૂરી

પશ્ચિમ એશિયાના રણમેદાનમાં વધતા યુધ્ધના નગારા અને અનિશ્ચિતતાની અસર હવે સીધી ભારતના રસોડા અને સામાન્ય નાગરિકના ખિસ્સા પર અનુભવાઈ રહી છે. કાચા તેલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં થતી તેજી ભારત જેવા ઊર્જા-આયાતકાર દેશ માટે હંમેશાં ચિંતાનો વિષય બની રહે છે. આવી વૈશ્વિક પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર દ્વારા ફ્લેક્સ-ફ્યુલ વાહનો (ઈ૮૫) માટેની નીતિને પ્રોત્સાહન આપવાનું આયોજન એક દૂરદર્શી અને વ્યૂહાત્મક પગલું સાબિત થઈ શકે છે. આ પહેલ ઊર્જા સુરક્ષા ઉપરાંત આર્થિક અને પર્યાવરણીય દ્રષ્ટિએ પણ ભારતને આત્મનિર્ભર બનાવવામાં સહાયરૂપ બની શકે છે.

ભારત પોતાની કુલ જરૂરિયાતનું ૮૫ ટકાથી વધુ કાચું તેલ આયાત કરે છે. મધ્ય પૂર્વમાં તણાવ વધતા જ સપ્લાય ચેઈન પર અસર પડે છે અને તેલના ભાવોમાં વધારો થાય છે, જે સીધી રીતે દેશના આર્થિક સંતુલનને અસર કરે છે. આવી સ્થિતિમાં એથેનોલ એક વિકલ્પ રૂપે આગળ આવ્યું છે. હાલ દેશમાં ૨૦ ટકા એથેનોલ મિશ્રિત પેટ્રોલ (ઈ૨૦) નો અમલ ઝડપથી આગળ વધી રહ્યો છે, પરંતુ હવે સરકારનું ધ્યાન ઈ૮૫, એટલે કે ૮૫ ટકા એથેનોલ અને ૧૫ ટકા પેટ્રોલ પર ચાલતા વાહનો તરફ કેન્દ્રિત થયું છે. જો આ યોજના સફળતાપૂર્વક અમલમાં આવે, તો તેલની આયાતમાં નોંધપાત્ર ઘટાડો શક્ય બનશે. નવી ટેકનોલોજીનો વ્યાપક સ્વીકાર થાય તે માટે આર્થિક પ્રોત્સાહન ખૂબ જ મહત્વપૂર્ણ છે. હાલમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ સરકાર પાસે ફ્લેક્સ-ફ્યુલ વાહનો પર લાગતા GST દરમાં ઘટાડાની માંગણી કરી રહ્યો છે.

જો સરકાર આ દિશામાં રાહત આપે, તો ગ્રાહકો માટે આવા વાહનો વધુ સસ્તા બનશે અને બજારમાં તેમની માંગ વધશે. ઈલેક્ટ્રિક વાહનોની જેમ ફ્લેક્સ-ફ્યુલ વાહનોને પણ પ્રોત્સાહન મળશે, તો પરિવહન ક્ષેત્રમાં મોટો પરિવર્તન જોવા મળી શકે છે. પરંતુ આ દિશામાં આગળ વધવા માટે કેટલીક વાસ્તવિક પડકારો પણ છે.

ફ્લેક્સ-ફ્યુલ એન્જિન સામાન્ય એન્જિનથી જુદા હોય છે. તેમાં મટિરિયલ, પાવર ટ્રાન્સમિશન અને ઈંધણ વ્યવસ્થામાં ખાસ ફેરફારો કરવાની જરૂર પડે છે. ઉપરાંત, દેશભરમાં ઈ૮૫ ઈંધણની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી એ મોટો પડકાર છે. ફક્ત વાહનોનું ઉત્પાદન પૂરતું નથી; ઈંધણ માટે મજબૂત માળખાકીય સુવિધાઓ ઊભી કરવી જરૂરી છે, જેમાં સમય અને મોટા રોકાણની જરૂર પડે છે. ફ્લેક્સ-ફ્યુલ તરફનું પ્રયાણ માત્ર આર્થિક નહીં, પરંતુ પર્યાવરણીય દષ્ટિએ પણ મહત્વપૂર્ણ છે. એથેનોલ મુખ્યત્વે શેરડી, મકાઈ અને વધારાના અનાજમાંથી બને છે, જેના કારણે પ્રદૂષણમાં ઘટાડો થાય છે.

સાથે સાથે, એથેનોલના વધતા ઉત્પાદનથી ખેડૂતોને તેમના પાકના સારા ભાવ મળશે અને ગ્રામિણ અર્થતંત્ર મજબૂત બનશે. આ રીતે, વિદેશમાં જતા પેટ્રોલ ડોલર હવે દેશના ખેડૂતો સુધી પહોંચશે. આજના સમયમાં ઊર્જા સુરક્ષા ભારત માટે માત્ર એક વિકલ્પ નથી, પરંતુ આવશ્યકતા બની ગઈ છે.

સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચે યોગ્ય સંકલન રહેશે, તો ફ્લેક્સ-ફ્યુલ વાહનો ભારત માટે નવી ઊર્જા ક્રાંતિ સાબિત થઈ શકે છે. આ પહેલ દેશને આત્મનિર્ભરતા તરફ દોરી જશે અને ઊર્જા સ્વરાજના સપનાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# સાવરકુંડલાના દેવળા ગેઈટ વિસ્તારમાં મહેશભાઈ કસવાલાની ભવ્ય જનસભા

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા શહેરના દેવળા ગેઈટ વિસ્તારમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં એક વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં શહેરના વિકાસ કાજે પ્રચંડ જનસમર્થન જોવા મળ્યું હતું. ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે



સાવરકુંડલાના સર્વાંગી વિકાસ, આધુનિક પાયાની સુવિધાઓ અને શહેરના ઉજ્જવળ ભવિષ્ય માટે એક મજબૂત અને દૃષ્ટિવંત નેતૃત્વ અત્યંત અનિવાર્ય છે. તેમણે હાલમાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કાર્યો અને ભવિષ્યના આયોજનોની વિગતવાર માહિતી આપી લોકસંપર્ક સાધ્યો હતો. મહેશભાઈ કસવાલાએ તમામ શહેરવાસીઓને નમ્ર અપીલ કરી હતી કે તેઓ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને ભવ્ય બહુમતીથી વિજયી બનાવી શહેરની પ્રગતિને એક નવી ગતિ અને દિશા આપે. આ જનસભામાં સ્થાનિક આગેવાનો, કર્મઠ કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નાગરિકોની ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણ કેસરીયા રંગે રંગાયું હતું અને લોકોમાં ભારે ઉત્સાહ તેમજ ઉર્જાનો સંચાર જોવા મળ્યો હતો.

# રાજુલાના રામપરા-૨ ગામે પ્રવેશદ્વારનું ભૂમિપૂજન કરાયુ



અમરેલી,તા.૨૧

રાજુલાના રામપરા-૨ ગામે સ્વર્ગસ્થ જીકારભાઈ ભગવાનભાઈ વાઘના સ્મરણાર્થે ગામના મુખ્ય પ્રવેશદ્વારનું શાસ્ત્રોક્ત વિધિ સાથે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રવેશદ્વાર આગામી સમયમાં ગામની વિશેષ ઓળખ બની રહેશે. આ ભગીરથ કાર્ય માટે દાતા લાલાભાઈ જીકારભાઈ વાઘ તથા વિશાલભાઈ જીકારભાઈ વાઘ દ્વારા જમીનનું દાન કરી નિર્માણ કાર્યમાં આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે.

# બાબરા પંથકમાં બે સ્થળેથી ૮ જુગારીઓ રૂ. ૩૪,૪૪૦ની મત્તા સાથે ઝડપાયા

બાબરા, તા. ૨૧

બાબરા પંથકમાં પોલીસે બે અલગ-અલગ જગ્યાએ દરોડા પાડી ૮ શખ્સોને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. બાબરાના કરિયાણા રોડ પર શીતળા માતાના મંદિર પાસેના કોમ્પ્લેક્સ પાસેથી જયદીપભાઈ ભૂપતભાઈ મારુ, હુસેનખાન કાળુખાન ભોજવાણી તથા સમીરભાઈ ગમાભાઈ મહેતર જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતા ઝડપાયા હતા.

તેમની પાસેથી રોકડા રૂ. ૨૦,૧૪૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જ્યારે બીજા દરોડામાં કોટડાપીઠા ગામેથી મહેશભાઈ માવજીભાઈ ખુમાણ, મનિષભાઈ રમેશભાઈ ચાવડા, મહેશભાઈ નનકુભાઈ પટગીર, અમિતભાઈ ઉર્ફે અમૃતભાઈ સોમાભાઈ પરમાર અને મુકેશભાઈ ભયાભાઈ ખુમાણ તીનપત્તીનો જુગાર રમતા કુલ રોકડ રૂ. ૧૪,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. પોલીસે બંને સ્થળેથી કુલ રૂ. ૩૪,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીના જાળીયા ગામે પત્નીએ પતિ પાસે પૈસા માંગતા માર મારી, વાળ પકડી ઢસડી

અમરેલી, તા. ૨૧

અમરેલીના જાળીયા ગામેથી માનવતાને શરમાવે તેવી ઘરેલુ હિંસાની ઘટના સામે આવી છે. ઘરખર્ચ માટે પતિ પાસે પૈસા માંગવા જેવી સામાન્ય બાબતે પરિણીતા પર ક્રૂર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસે પતિ સહિત સાસરી પક્ષના ત્રણ સભ્યો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.આ અંગે વિલાસબેન વિક્રમભાઈ ચાવડા (ઉ.વ. ૩૩)એ પતિ વિક્રમભાઈ ચાવડા, સસરા ગોવિંદભાઈ ચાવડા તથા સાસુ દયાબેન ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. પરિણીતાએ તેના પતિ પાસે ઘરના કામકાજ માટે પૈસાની માંગણી કરી હતી, જે વાત પતિને અકળાવી ગઈ હતી. ઉશ્કેરાયેલા પતિએ આવેશમાં આવી પોતાની પત્નીને માથાના તેમજ વાંસાના ભાગે ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. પતિએ તેના વાળ પકડી જમીન પર ઢસડી હતી અને અત્યંત અભદ્ર ગાળો આપી હતી.પતિએ પત્નીને ઘરમાંથી કાઢી મૂકતા કહ્યું હતું કે, "તૂ તારા માવતરના ઘરે જતી રહે." આ દરમિયાન સસરા-સાસુએ પણ તેને સહકાર આપવાને બદલે અવારનવાર ગાળો આપી શારીરિક અને માનસિક ત્રાસ ગુજાર્યો હતો.

# જાફરાબાદમાં કંપનીના જનરલ મેનેજર સાથે રૂ. ૫.૪૪ લાખની છેતરપિંડી

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદમાં ઓનલાઈન રોકાણના નામે છેતરપિંડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ફેસબુક પર આકર્ષક એડ જોઈને પ્રી-IPOમાં રોકાણ કરવા જતાં એક કંપનીના જનરલ મેનેજરે રૂ. ૫.૪૪ લાખ ગુમાવ્યા હતા.આ અંગે લુણસાપુર સ્થિત સિન્ટેક્ષ કંપનીના જનરલ મેનેજર માધવન મુરુગન (ઉ.વ. ૫૬) એ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, તેમણે ફેસબુક પર 'IPO is LUCK, Pre-IPO is choice' નામની એક જાહેરાત જોઈ હતી. જેમાં શેરબજારમાં QIB અને NSE-BSE SME જેવા પ્રી-IPO ટ્રેડિંગમાં રોકાણ કરી ઊંચું વળતર મેળવવાની લાલચ આપવામાં આવી હતી.આ એડ પર ક્લિક કરતા જ ફરિયાદીને 'IIFL Wealth-૨૧૭' નામના વોટ્સએપ ગ્રુપમાં ઉમેરવામાં આવ્યા હતા. આ ગ્રુપમાં ઠગ ટોળકીના સભ્યો પોતાની ખોટી ઓળખ આપી એડમિન અને એડવાઈઝર તરીકે વાતચીત કરતા હતા.

વિવિધ મોબાઈલ નંબરો પરથી સંપર્ક કરી તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. આ ગઠિયાઓએ ફરિયાદીને જુદી-જુદી બેંકોની વિગતો મોકલી હતી, જેમાં તેમણે પોતાના બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂ. ૫,૪૪,૧૦૦ ટ્રાન્સફર કર્યા હતા.

જ્યારે તેમણે રોકેલા પૈસા પરત મેળવવાની વાત કરી, ત્યારે આ ઠગ ટોળકીએ પૈસા આપવાને બદલે ઉલટાનું વધુ રકમ મોકલવા માટે દબાણ કરી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. અંતે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતા તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરીયાદની જાફરાબાદ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એ. દેસાઈ આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

**પ્રી-IPOની લાલચ આપી ઠગાઈ આચરવામાં આવી**

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૦ | ૧૭૮૦ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૮ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૬૮૦ | ૮૯૮ |
| જુવાર લાલ | ૮૪૦ | ૯૫૦ |
| મકાઇ | ૩૭૫ | ૩૭૫ |
| તુવેર | ૧૦૫૦ | ૧૫૧૫ |
| ચણા પીળા | ૯૧૫ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૧૧૧ | ૧૭૦૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૩૦ |
| મગ | ૯૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૪૨૦ |
| ચોળી | ૧૦૭૫ | ૧૬૫૩ |
| વટાણા | ૬૫૦ | ૧૧૧૮ |
| રાજમા | ૬૫૦ | ૧૭૭૦ |
| સીંગદાણા | ૧૮૭૧ | ૧૮૭૧ |
| મગફળી જાડી | ૧૨૮૦ | ૧૫૨૦ |
| મગફળી જીણી | ૧૩૨૦ | ૧૫૮૫ |
| તલી | ૧૭૫૦ | ૨૧૦૦ |
| સુરજમુખી | ૮૦૧ | ૧૩૮૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૪૪ |
| અજમો | ૧૦૦૦ | ૧૭૫૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૭૦ |
| સીંગફાડા | ૧૨૬૦ | ૧૭૩૫ |
| કાળા તલ | ૩૦૫૦ | ૩૬૨૦ |
| લસણ | ૭૮૫ | ૧૫૭૫ |
| ધાણા | ૨૨૩૦ | ૨૫૩૫ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૦૦૦ |
| ધાણી | ૨૩૧૦ | ૨૭૨૫ |
| વરીયાળી | ૧૪૦૦ | ૧૯૪૦ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૧૦૦ |
| રાય | ૧૦૯૦ | ૧૪૭૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| અશેરીયો | ૮૦૧ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૪૨૨ |

| | | |
|---|---|---|
| રાયડો | ૧૦૫૦ | ૧૨૨૮ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૭૧ | ૬૨૪ |
| લીંબુ | ૧૫૦૧ | ૩૭૦૨ |
| સાકરટેટી | ૧૫૯ | ૩૧૮ |
| તરબુચ | ૧૧૦ | ૨૬૪ |
| પપૈયા | ૬૪ | ૧૪૧ |
| બટેટા | ૯૭ | ૨૬૦ |
| ડુંગળી સુકી | ૪૧ | ૨૩૦ |
| ટમેટા | ૨૧૧ | ૩૮૪ |
| સુરણ | ૮૨૧ | ૧૦૩૫ |
| કોથમરી | ૨૬૫ | ૪૫૨ |
| મુળા | ૩૬૯ | ૫૯૦ |
| રીંગણા | ૯૩ | ૧૯૮ |
| કોબીજ | ૭૨ | ૧૨૪ |
| ફ્લાવર | ૩૨૧ | ૫૨૪ |
| ભીંડો | ૧૫૪ | ૨૪૧ |
| ગુવાર | ૪૮૧ | ૬૯૩ |
| ચોળાસીંગ | ૫૦૭ | ૬૧૨ |
| ટીંડોળા | ૨૮૮ | ૬૦૪ |
| દુધી | ૬૧ | ૧૧૫ |
| કારેલા | ૨૯૩ | ૪૧૮ |
| સરગવો | ૨૬૧ | ૫૮૨ |
| તુરીયા | ૨૪૨ | ૫૦૮ |
| પરવર | ૬૨૬ | ૮૪૨ |
| કાકડી | ૧૮૮ | ૩૪૧ |
| ગાજર | ૨૧૮ | ૪૦૩ |
| વટાણા | ૧૪૨૪ | ૧૯૫૭ |
| ગલકા | ૧૬૫ | ૨૬૧ |
| બીટ | ૮૮ | ૧૮૯ |
| મેથી | ૩૩૯ | ૬૦૪ |
| ડુંગળી લીલી | ૧૭૧ | ૩૦૫ |
| આદુ | ૮૨૪ | ૧૦૧૧ |
| મરચા લીલા | ૪૦૧ | ૬૪૨ |
| મકાઇ લીલી | ૧૪૮ | ૨૬૧ |
| ગુંદા | ૨૪૨ | ૪૫૧ |

| | | |
|---|---|---|
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૮૩૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૬૨૧ |
| સિંગદાણા જાડા | ૧૭૭૧ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૮૬૧ |
| એરંડા/એરંડી | ૧૦૨૬ | ૧૨૭૧ |
| તલ લાલ | ૧૮૫૧ | ૨૧૩૧ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૨૩૧ |
| કલંજી | ૧૨૦૦ | ૩૪૦૧ |
| વરીયાળી | ૧૫૨૬ | ૧૫૨૬ |
| મરચા સૂકા પટ્ટો | ૨૧૦૧ | ૮૫૦૧ |
| ડુંગળી લાલ | ૨૧ | ૨૪૬ |
| અડદ | ૮૦૦ | ૧૬૪૧ |
| તુવેર | ૭૦૦ | ૧૫૭૧ |
| રાયડો | ૮૪૧ | ૧૧૨૧ |
| રાય | ૯૮૧ | ૧૩૯૧ |
| મેથી | ૭૭૬ | ૧૫૭૧ |
| સુવાદાણા | ૧૩૯૧ | ૧૩૯૧ |
| કાંગ | ૪૦૧ | ૪૫૧ |
| મરચા | ૨૦૦૧ | ૬૫૦૧ |
| મગફળી જાડી | ૧૧૯૧ | ૧૫૭૧ |
| મગફળી ૬૬ | ૧૨૨૬ | ૧૨૪૬ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૦૭૧ |
| મરચા સૂકા ઘોલર | ૨૯૦૧ | ૭૦૦૧ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૨૨૦ |
| બાજરો | ૨૭૧ | ૨૮૧ |
| જુવાર | ૩૪૧ | ૭૫૧ |
| મકાઇ | ૨૭૧ | ૪૫૧ |
| મગ | ૮૦૧ | ૧૫૧૧ |
| વાલ | ૪૪૧ | ૧૦૫૧ |
| વાલ પાપડી | ૧૦૫૧ | ૧૬૭૬ |
| ચોળા / ચોળી | ૩૭૧ | ૬૨૬ |
| સોયાબીન | ૭૨૬ | ૧૦૮૬ |
| ગોગળી | ૮૩૧ | ૧૪૧૧ |
| વટાણા | ૪૫૧ | ૯૪૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૬૦૦ |

| | | |
|---|---|---|
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૫૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૨૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૪૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૪૦૦ |
| ગલકા | ૬૦ | ૩૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૩ | ૪ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| આંબલી | ૫૦૦ | ૬૦૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૬૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૩૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૩૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૧૦૦ |

| | | |
|---|---|---|
| ફણશી | ૫૦૦ | ૬૦૦ |
| મકાઇ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૫ |
| પાલક પુરા | ૨ | ૪ |
| ગરમર | ૫૦૦ | ૬૦૦ |
| **અમરેલી** | | |
| ગીરનાર શિંગ | ૧૩૯૦ | ૧૩૯૦ |
| શિંગ મોટી | ૧૧૧૫ | ૧૫૮૦ |
| શિંગ દાણા ફાડા | ૧૩૭૦ | ૧૮૦૦ |
| તલ સફેદ | ૧૬૭૦ | ૨૧૪૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૬૦૦ |
| તલ કાશમીરી | ૨૦૮૦ | ૨૦૮૦ |
| બાજરો | ૨૨૦ | ૪૭૫ |
| જુવાર | ૫૦૫ | ૮૫૫ |
| ઘઉં ટુકડા | ૩૭૫ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૩૬૫ | ૪૯૦ |
| ચણા | ૯૩૦ | ૧૦૫૫ |
| ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૩૦ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૫૦ |
| છોલે ચણા | ૧૨૫૦ | ૧૩૭૦ |
| તુવેર | ૭૦૦ | ૧૪૨૫ |
| કપાસ | ૯૫૫ | ૧૮૫૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| જીરુ | ૨૦૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૪૦ |
| રાય | ૧૨૭૫ | ૧૩૨૫ |
| ધાણા | ૨૨૫૦ | ૨૬૮૦ |
| ધાણી | ૧૯૨૫ | ૨૯૦૫ |
| મેથી | ૯૩૦ | ૧૩૩૦ |
| સોયાબીન | ૯૮૦ | ૧૦૯૦ |
| મરચાં લાંબા | ૨૦૧૦ | ૫૬૦૦ |
| વરીયાળી | ૧૭૦૦ | ૧૮૯૦ |
| કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૫૦ |
| રીંગણા | ૩૫૦ | ૪૫૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૫૮૦ |
| સુરણ | ૮૩૦ | ૯૪૦ |
| ગાજર | ૩૬૦ | ૪૬૦ |
| દુધી | ૧૦૦ | ૧૨૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૦૦ |
| ગુંદા | ૪૩૦ | ૬૨૦ |
| કાકડી | ૨૫૦ | ૩૫૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ગરમર | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૪૫૦ |
| પાકી કેરી | ૧૬૦૦ | ૨૫૦૦ |
| આદુ | ૧૧૩૦ | ૧૨૭૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૨૦ |
| મેથીભાજી | ૫૫૦ | ૬૫૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૮૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૦૫૦ |
| પાલક | ૩૫૦ | ૪૨૦ |
| લીબુ | ૨૪૦૦ | ૩૦૩૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૪૧૦ | ૧૪૮૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૭૦ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૩૧૦૦ | ૩૮૧૦ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૧૧૫ |
| કપાસ | ૧૫૨૫ | ૧૮૦૩ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૫૪૦ |
| જુવાર | ૬૦૦ | ૮૯૦ |
| મકાઈ | ૪૦૦ | --- |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૬૧ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૭૧ |
| એરંડી | ૧૧૬૦ | ૧૨૩૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૩૬૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૬૦ |
| સોયાબીન | ૯૦૦ | --- |
| કલોજી | ૨૫૫૦ | ૩૦૫૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૨૫ |
| કપાસ મીડી. | ૧૪૦૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૪૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૩૫૦ | ૪૦૪૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૫૫ |
| ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ધાણા | ૧૪૮૦ | ૨૪૬૦ |
| તુવેર | ૧૧૬૫ | ૧૪૨૫ |
| કાળા તલ | ૨૬૧૦ | ૩૧૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૪૩૦ | ૪૪૫ |
| ચણા | ૯૯૦ | ૯૯૫ |
| મગ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ધાણા | ૨૩૭૦ | ૨૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૦૫ |
| અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| એરંડા | ૧૧૩૫ | ૧૨૧૬ |

| | | |
|---|---|---|
| તલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગ ફાડા | ૧૬૫૦ | ૧૭૫૦ |
| રાઈ | ૯૫૧ | ૧૨૮૦ |
| **મહુવા** | | |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૪૮ |
| ડુંગળી સફેદ | ૧૪૮ | ૨૬૫ |
| નાળીયેર | ૩૦૭ | ૨૦૨૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૮૫૧ | ૨૨૨૫ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૩૪૧ |
| કપાસ | ૧૨૫૦ | ૧૭૫૦ |
| બાજરો | ૩૦૦ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૩૧૦ | ૫૦૦ |
| જુવાર | ૩૦૨ | ૯૨૫ |
| મકાઈ | ૫૨૬ | ૫૨૬ |
| અડદ | ૧૫૮૧ | ૧૫૮૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૪૨૬ |
| ચણા | ૫૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૬૦૧ | ૩૬૦૧ |
| ધાણા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૧૩૫૧ | ૧૩૫૧ |
| સોયાબીન | ૧૦૧૦ | ૧૦૧૦ |
| રાજગરો | ૧૨૦૧ | ૧૩૦૦ |
| અજમાં | ૨૦૦૪ | ૨૦૦૪ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૪૨૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૯૧ |
| મેથી | ૬૦૧ | ૧૧૬૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૯૦૧ |
| ધાણા | ૮૦૧ | ૨૫૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૫૬ |



લાગે તો તીર : - એક વૃક્ષ વર્ષે ૧૦૦થી ૧૨૦ કિલો ગ્રામ ઓક્સિજન ઉત્પન્ન કરે છે

06

# કાયદો છતાં મહિલા અનામતનો અમલ કેમ નહીં ?

બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા





મહિલા અનામત ફરી ચર્ચામાં છે.

કેન્દ્ર સરકારે લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની બેઠકો વધારવા માટે રજૂ કરેલા ખરડાને કારણે લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો મુદ્દો ફરી ચર્ચામાં આવી ગયો. વાસ્તવમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો કાયદો ૨૦૨૩માં પસાર થઈ જ ગયો છે પણ મોદી સરકારે ત્રણ નવા ખરડાને નિયમ ૬૬ હેઠળ આ પસાર થયેલા કાયદા સાથે જોડી દીધા અને મહિલા અનામતના અમલ માટે આ કાયદા પસાર થવા જરૂરી હોવાનો દાવો કર્યો તેના કારણે આ ચર્ચા છેડાઈ ગઈ છે.

મોદી સરકારે આ ત્રણ પૈકી પહેલો ખરડો લોકસભાની બેઠકોની સંખ્યા વધારીને ૮૫૦ કરવાનો હતો. મોદી સરકાર કલમ ૮૧(૧) માં સુધારો કરવા માગતી હતી. બંધારણની કલમ ૮૧(૧) મુજબ લોકસભામાં મહત્તમ ૫૫૦ બેઠકો રાખી શકાય છે પણ મોદી સરકાર લોકસભાની બેઠકો વધારીને ૮૫૦ કરવા માગતી હોવાથી ૧૩૧મું બંધારણીય સુધારા બિલ રજૂ કરાયેલું. બંધારણીય સુધારા બિલ પસાર કરવા માટે લોકસભામાં હાજર સભ્યોમાંથી બે તૃતિયાંશ સભ્યોનો ટેકો જોઈએ પણ વિપક્ષો એક થઈ ગયા તેથી આ બિલ પસારના થયું. તેના પરિણામે મોદી સરકારે સીમાંકન તથા કેન્દ્રશાસિત પ્રદેશમાં મહિલા અનામત અંગેના બે ખરડા પર મતદાન નહીં કરવાનો નિર્ણય લઈને પીછેહઠ કરી દીધી. મોદી સરકાર કલમ ૮૨ને પણ હટાવવા માગતી હતી. આ કલમ સીમાંકન છેલ્લી વસતી ગણતરીના આધારે થવું જોઈએ પણ મોદી સરકાર ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે નવું સીમાંકન કરવા માગતી હતી.

લોકસભામાં બંધારણીય સુધારા બિલ પસાર ના થયું એ પછી ભાજપ અને વિપક્ષો વચ્ચે સામસામી આક્ષેપબાજી ચાલી રહી છે. ભાજપનો આક્ષેપ છે કે, કોંગ્રેસ સહિતના વિપક્ષો મહિલાઓના સશક્તિકરણના વિરોધી છે અને મહિલાઓને અનામત આપવા નથી માગતા તેથી આ ખરડો પસાર ના થવા દીધો. કોંગ્રેસ સહિતના વિપક્ષોનું કહેવું છે કે, મહિલા અનામતનો અમલ કરવા માટે લોકસભા કે રાજ્યોની વિધાનસભાઓની બેઠકો વધારવાની કોઈ જરૂર નથી. હાલની બેઠકોમાંથી જ ૩૩ ટકા બેઠકો અનામત રાખીને મહિલા અનામતનો અમલ શરૂ કરી શકાય છે. વિપક્ષોને લોકસભાની બેઠકો વધારાય તો દક્ષિણનાં રાજ્યોની બેઠકોનું પ્રમાણ ઘટી જશે એવો ડર પણ હતો. ભાજપ પોકાનું વર્ચસ્વ જાળવવા હિંન્દીભાષી રાજ્યોમાં બેઠકો વધારી રહી હોવાના આક્ષેપો પણ કરી રહ્યા છે.

આ બંનેમાંથી સાચું કોણ ?

મહિલા અનામત બિલને સમજીશું તો કોણ સાચું છે ને કોણ ખોટું છે એ સમજાશે. સાથે સાથે એ પણ સમજાશે કે, ભાજપ અને કોંગ્રેસ સહિતના વિપક્ષો એમ બંને પોતપોતાનું રાજકારણ રમે છે. આ રાજકીય દાવપેચના કારણે મહિલા અનામતનો અમલ અટવાયો છે.

■■■

મહિલા અનામતનો અમલ અત્યારે શક્ય છે ?

હા, બિલકુલ શક્ય છે. મહિલા અનામત બિલ ૨૦૨૩માં પસાર થઈ ગયું પછી તેનો અમલ કરવા આડે કોઈ અવરોધ બચ્યો નહોતો પણ તેનું સત્તાવાર નોટિફિકેશન બહાર નહોતું પડાયું તેથી અમલ નહોતો થયો. નારી શક્તિ વંદન અધિનિયમ (મહિલા અનામત અધિનિયમ, ૨૦૨૩) માટે સત્તાવાર રીતે નોટિફિકેશન બહાર પડાયું પછી ૧૬ એપ્રિલ, ૨૦૨૬થી તેનો અમલ શરૂ થઈ ગયો છે તેથી કોઈ પણ રાજ્યની ચૂંટણીમાં તેનો અમલ કરી શકાય છે. હાલની લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાંની બેઠકોમાંથી જ ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખીને અમલ શક્ય જ છે. હવે પછી જે રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી આવે છે એ તમામ રાજ્યોમાં ૩૩ ટકા મહિલા અનામતનો અમલ કરવા માટે કોઈ મૂરત જોવાની જરૂર નથી.

મોદી સરકાર ઈચ્છે તો આવતા વર્ષે યોજાનારી દેશનાં ૭ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પછી જ તેનો અમલ કરી શકે છે. ફેબ્રુઆરી-માર્ચમાં ગોઆ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને મણિપુર એ પાંચ રાજ્યોની જ્યારે નવેમ્બર-ડીસેમ્બરમાં ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી છે. સરકાર આ સાતેય રાજ્યોમાં હાલની બેઠકોમાંથી ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રખાવી શકે છે. એક રાજ્યમાં અમલ થાય એટલે આપોઆપ જ મહિલા અનામતના અમલનો રસ્તો ખૂલી જશે. એ પછી ૨૦૨૮માં થનારી રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં ને ૨૦૨૯ની લોકસભા ચૂંટણીઓમાં પણ સરળતાથી તેનો અમલ કરી શકાય તેમ છે. કાનૂની કે બંધારણીય રીતે કોઈ વિઘ્ન નથી, જે પણ વિઘ્નો છે એ રાજકીય જ છે.

■■■

મહિલા અનામતનો કાયદો અમલી બનવા છતાં અમલ કેમ થતો નથી ?

આ સવાલનો જવાબ સરળ છે. લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે ફરજિયાત અમલ રાખવાના કાયદાનો અમલ થાય તો પુરૂષ નેતાઓનો ગરાસ લૂંટાઈ જાય. લોકસભામાં જ ૩૩ ટકા મહિલા અનામતનો અમલ કરાય તો મહિલાઓ માટે ૧૮૧ બેઠકો કાયદેસર ખાલી રાખવી પડે. અત્યારે લોકસભામાં માત્ર ૭૪ મહિલાઓ છે. ૩૩ ટકા અનામત પ્રમાણે ૧૦૭ મહિલા સાંસદોની ઘટ છે.

મહિલા અનામત ફરજિયાત હોય તો અત્યારની સ્થિતીએ જ ૧૦૭ પુરૂષોની બેઠકો છિનવાઈ જાય. તેમાં કોનો કોનો વારો પડી જાય એ ખબર નથી પણ સૌથી વધારે ફટકો ભાજપ અને કોંગ્રેસના પુરૂષ નેતાઓને પડે કેમ કે ભાજપના લોકસભાના ૨૪૦ સભ્યોમાંથી માત્ર ૩૧ એટલે કે ૧૨.૯ ટકા મહિલાઓ છે જ્યારે કોંગ્રેસના લોકસભાના ૯૮ સભ્યોમાંથી ૧૪ એટલે કે ૧૪.૩ ટકા મહિલાઓ છે. ભાજપની મહિલા સાંસદોની સંખ્યા ૩૩ ટકા પ્રમાણે ૮૦ હોવી જોઈએ તેથી ૪૯ પુરૂષોની ટિકિટો કપાય જ્યારે કોંગ્રેસની મહિલા સાંસદોની સંખ્યા ૩૩ હોવી જોઈએ તેથી ૧૯ પુરૂષોની ટિકિટો કપાય.

આટલી મોટી સંખ્યામાં પુરૂષ સાંસદોની ટિકિટો કપાય તો બળવો થઈ જાય તેથી ભાજપ સરકાર લોકસભાની બેઠકો વધારવાનો ખરડો લઈ આવી કે જેથી હાલના પુરૂષ સાંસદોને કાપવા ના પડે ને બળવો ના થાય. કોંગ્રેસે લોકસભા બેઠકો વધારવાના ખરડાનો વિરોધ કર્યો કેમ કે તેને ખબર છે કે, લોકસભાની બેઠકો નહીં વધે ત્યાં સુધી ભાજપ મહિલા અનામતનો વિરોધ નથી કરવાનો. મહિલા અનામતનો અમલ ના થાય તો કોંગ્રેસને તકલીફ ના પડે તેથી કોંગ્રેસે બેઠકો વધારવાના કાયદાને પસાર ના થવા દઈને ટાઢા પાણીએ ખસ કાઢી દીધી. ભાજપ કોંગ્રેસની આ ચાલને ના સમજી શક્યો તેથી લોકસભામાં પછડાટ મળી.

■■■


મહિલા અનામતનો અમલ ક્યારે થશે ?

ભારત સરકારે નારી શક્તિ વંદન અધિનિયમ (મહિલા અનામત અધિનિયમ, ૨૦૨૩) માટે સત્તાવાર રીતે નોટિફિકેશન બહાર પાડીને ૧૬ એપ્રિલ, ૨૦૨૬થી અમલી બનાવતાં કાયદેસર રીતે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ અમલમાં આવી ગઈ છે. કેન્દ્રીય કાયદા મંત્રાલયે ૧૬ એપ્રિલ, ૨૦૨૬ના રોજ નોટિફિકેશન બહાર પાડીને ૧૦૬મા બંધારણીય સુધારા કાયદાનો અમલ શરૂ કર્યો છે. મતલબ કે, મહિલા અનામત અમલી બની ગઈ છે. મહિલા અનામત ૧૫ વર્ષ માટે છે અને ભવિષ્યમાં તેને લંબાવી શકાશે.અલબત્ત તેનો અમલ ક્યારે થશે એ સ્પષ્ટ નથી કેમ કે ફરજિયાત મહિલા અનામતના કાયદાનો અમલ આગામી વસ્તી ગણતરી અને તેના આધારે થનારા સીમાંકનના આધારે થશે.

ભારતમાં દર ૧૦ વરસે વસતી ગણતરી થાય છે એ હિસાબે ૨૦૨૧માં વસતી ગણતરી થવાની હતી પણ કેન્દ્ર સરકારે કોરોના, લોકસભાની ચૂંટણી સહિતનાં કારણોને આગળ ધરીને ગણતરી ટાળ્યા કરી તેથી ૨૦૨૬ના ત્રણ મહિના પતી ગયા છતાં વસતી ગણતરી થઈ નથી. હવે વસતી ગણતરીનો પહેલો તબક્કો હાથ ધરાવાનો છે એ જોતાં ૨૦૨૭માં વસતી ગણતરી પૂરી થશે એવું લાગે છે. એ પછી નવું સીમાંકન એટલે કે લોકસભા તથા વિધાનસભાના મતવિસ્તારોની નવી સીમા નક્કી થશે. તમામ મતવિસ્તારોમાં લગભગ એકસરખા મતદારો હોય એ રીતે સીમાંકન કરાતું હોય છે. આ પ્રક્રિયામાં પણ લાંબો સમય જશે એ જોતાં ભવિષ્યની કઈ ચૂંટણીથી મહિલા અનામત લાગુ થશે એ સ્પષ્ટ નથી. અત્યારે જે સ્થિતિ છે એ જોતાં ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં તો તેનો અમલ થવાની આશા નથી. ■

sanjogpurti@gmail.com

# ડીલીટ થયેલા મેસેજનું મહાભારત અને બૂબૂડાનાથનો 'ટેકનો-કીમિયો'




ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

વહેલી સવારના સાડા ચાર થયા હશે. આકાશમાંથી સીધા ધરતી પર ઉતરીને, સફેદ વાદળો જેવી રુંવાટી ફફડાવતા બૂબૂડાનાથ મારા પલંગ પાસે પ્રગટ થયા. એમણે પ્રેમથી પંજો મારીને મને જગાડવાનો પ્રયત્ન કર્યો, પણ મેં લાલચોળ આંખો સાથે સીધા બેઠા થઈને કહ્યું, 'મહારાજ, જગાડવાની તકલીફ ન લો, હું હજી સુતો જ નથી!'

બૂબૂડાનાથ આશ્ચર્યથી મને જોઈ રહ્યા. મેં મારી વ્યથા ઠાલવી, 'મહારાજ, રાત્રે અગિયાર વાગ્યે મારા એક પરમ મિત્રએ ગ્રુપમાં ચાર મેસેજ મૂકીને ઉડાડી દીધા છે! આ **'This message was deleted'** લખેલી ચાર કાળી પટ્ટીઓ મારા હૃદય પર શિલાલેખની જેમ કોતરાઈ ગઈ છે. આખી રાત એ જ વિચારમાં ગઈ છે કે એણે એવી તે કઈ મૂર્ખામી કરી હશે જે એને છુપાવવી પડી? શું એણે પોતાની પત્નીના કોઈ રહસ્યો ખોલી નાખ્યા હશે? કે પછી બોસ વિશે કોઈ સત્ય કહી દીધું હશે? જ્યાં સુધી એ ચાર મેસેજ વંચાય નહીં, ત્યાં સુધી મને મોક્ષ મળવો અશક્ય છે!'

બૂબૂડાનાથે એક ગંભીર સ્મિત આપ્યું અને બોલ્યા, 'હે વત્સ, તારી આ જિજ્ઞાસા એ માત્ર તારી નથી, સમગ્ર માનવજાતની છે. મનુષ્યને ભગવાનના દર્શન કરવાની એટલી તાલાવેલી નથી હોતી, જેટલી કોઈએ ડીલીટ કરેલો મેસેજ જોવાની હોય છે. આ જ તો 'ડિજિટલ રહસ્યવાદ' છે!'

મેં કરગરીને કહ્યું, 'પ્રભુ, કોઈ જાદુઈ યંત્ર આપો, કોઈ મંત્ર આપો! મારે જાણવું છે કે એણે શું ભૂંસી નાખ્યું!'

બૂબૂડાનાથે પૂંછડી પટપટાવતા બ્રહ્મજ્ઞાન આપવાનું શરૂ કર્યું: 'જો વત્સ, તારા એન્ડ્રોઈડના ડબલામાં જ એક 'નોટિફિકેશન હિસ્ટ્રી' નામનું ગુપ્ત દ્વાર છુપાયેલું છે. ત્યાં જઈને તું જૂના મેસેજની કુંડળી કાઢી શકે છે. પણ યાદ રાખજે, આ જ્ઞાન અર્જુનને આપેલા ગીતાના જ્ઞાન જેવું પવિત્ર છે. એકવાર તું એ ડીલીટ થયેલો મેસેજ વાંચી લઈશ, પછી તારા એ મિત્ર પ્રત્યેનો તારો આદર કદાચ કાયમ માટે ડીલીટ થઈ જશે!'

તેમણે આગળ સમજાવ્યું, 'બીજો રસ્તો પેલી 'થર્ડ પાર્ટી એપ્સ'નો છે. આ એપ્સ એટલે જાણે સોસાયટીની પેલી પંચાતિયા માજીઓ! જેવો મેસેજ આવે કે તરત જ પકડી લે અને પેલા ભાઈ ડીલીટ કરે તો પણ આ માજીઓ (એપ્સ) પાસે તો રેકોર્ડ રહે જ! પણ ધ્યાન રાખજે, આ માજીઓ તારા ઘરની એટલે કે તારા ફોનની બધી જ ખાનગી વાતો પણ જાણી લેશે.'

બૂબૂડાનાથે અટ્ટહાસ્ય કરતા ઉમેર્યું, 'પણ સાંભળ, જે મેસેજ ડીલીટ થયો છે, એમાં કદાચ તેની 'ટાઈપો'ની મૂર્ખામી હશે અથવા તો અર્ધરાત્રે જાગેલા કોઈ ભાવિ વિવાદનો ડર હશે. તારી ઊંઘ બગાડવા કરતા એવું માની લે કે એ મેસેજમાં તારા માટે કોઈ ઉધારી ચૂકવવાની વાત હશે, જે એણે છેલ્લી ઘડીએ ફેરવી તોળી છે! એટલે જિજ્ઞાસાને લગામ આપ, નહીંતર લોકો મેસેજ ડીલીટ કરતા રહેશે અને તું આખી રાત મને આમ જ જગાડતો રહીશ!'

બૂબૂડાનાથના આ 'ટેકનો-કીમિયા' અને જીવનદર્શન સાંભળીને મને શાંતિ થઈ. મેં નક્કી કર્યું કે હવેથી મેસેજ ડીલીટ કરનારને શંકાની નજરે જોવાને બદલે દયાની નજરે જોઈશ કે બિચારો સત્ય બોલીને ડરી ગયો! બૂબૂડાનાથ તો આશીર્વાદ આપીને અદ્રશ્ય થઈ ગયા, પણ મારી નોટિફિકેશન હિસ્ટ્રી હવે કાયમ માટે 'ઓન' થઈ ગઈ છે! ■

naranbaraiya277@gmail.com

# આચાર્ય સેવા જોડાણ કે લાચાર્ય...

સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)





ગ્રાન્ટ ઈન કોડ વિનિયમ જોગવાઈ મુજબ કેન્દ્રીયકૃત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ સંલગ્ન કચેરી કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર દ્વારા એચ મેટ પરીક્ષા પાસ કરીને શિક્ષકમાંથી આચાર્ય બન્યા.

શિક્ષકમાંથી અનુભવ મેળવી પ્રોસેસમાંથી પસાર થયા બાદ આચાર્ય બન્યા એટલે સવર્ગ બદલાય છે તેવું માની મંડળ અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીમાં રાજીનામું શબ્દ લખાવીને શિક્ષકની નોકરી સમાપ્ત થઈ જાય છે. શાળા સમય પછી અને શાળા સમય પહેલા આચાર્યના હોદ્દા ઉપર હાજર થાય છે. શિક્ષકમાંથી આચાર્ય બન્યા તે સમયે જ રાજીનામાની જગ્યાએ છુટા કરવામાં આવે છે તેઓ શબ્દ વાપર્યો હોત તો આજે સર્વિસ જોડાણનો પ્રશ્ન ઉદભવ્યો હોત નહીં.? કેન્દ્ર સરકારની જૂની પેન્શન યોજના અંતર્ગત ૧/ ૪/ ૨૦૦૫ પહેલાના તમામ કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવાનો થાય છે. એવા સમયે સર્વિસ જોડાણની પ્રક્રિયામાં અજમાઈ સમયગાળો એટલે શું એ સમજાતું નથી? ભરતી એન.ઓ.સીથી માંડીને ફુલ પગાર મંડળનો ઠરાવ આ બધી પ્રોસેસ ઓરીજનલ સર્વિસ બુક સાથે આપ્યું હોય તેમ છતાં જોડાણના સમયગાળા દરમિયાન સી.ઓ.એસ ની અંદર શિક્ષણના માધાતા તમારી નોકરીની તારીખ બરોબર લખેલ નથી? બરોબર વંચાતી નથી? તમારી જૂની એનઓસી? નવી એનઓસી નથી? તમારો એક વર્ષનો સમયગાળો અજમાઈશ છે? બે વર્ષનો હોવો જોઈએ? તમારી સર્વિસ બુકમાં આ બાકી છે? આ બાકી હોત તો **deo** કચેરી સરકારની કચેરી છે તેને તમે જે બધા કાગળો માગ્યા છે તે **deo** સાહેબની સહી સાથે ફાઈલ મોકલી છે.એનો મતલબ કે **deo** કચેરી ચેક કર્યા વગર મોકલે છે? અધિકારી તરીકે ઓરિજનલ સર્વિસ બુકમાં કદાચ ઝેરોક્ષ આછી દેખાતી હોય એટલે એવું સમજવાની જરૂર નથી કે આમાં ક્વેરી છે?. આ રીતે સર્વિસ જોડાણ વાળી ફાઈલો પાછી આવે છે?

આદરણીય મુખ્યમંત્રીશ્રી અને કેબિનેટ અને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીને આ બાબતે અવગત કરવા પડશે.પેન્શન આપવા માટે સર્વિસ જોડાણ જરૂરી છે. ૨૦૨૫માં લાગેલા આચાર્યશ્રીને બે વર્ષ ૨૦૨૭ માં થશે ત્યાં સુધી તેમને સર્વિસ જોડાણ કરી આપવામાં આવશે નહીં તેવું અમારે સમજવાનું રહેશે? આચાર્ય શાળાનું હૃદય હોય છે.સરકારની અનેક કામગીરી સાથે જોડાયેલો હોવા છતાં આજે કેટલો લાચાર છે? સંઘોની વાત **COS** ની અંદર પોચે છે કે નહીં? જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી મંડળને ભલામણ કરે, મંડળ નિમણૂક હુકમ આપે તો મંડળ સંચાલિત શાળાઓ હોવાથી મંડળ એક વર્ષે, છ મહિને અથવા આઠ વર્ષે પણ કાયમી ન કરે તો તેને નોકરીના પૂર્ણ સમયગાળા દરમિયાન અજમાવીશ જ ગણવા? મારા મંડળે એક વર્ષ પૂર્ણ થતા મને કાયમી આચાર્ય કરી દીધો છે. તેમ છતાંય મારી ફાઈલ પાછી આવી છે?બે વર્ષનો અજમાઈશનો પરિપત્ર રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે કર્યો છે અને એ બાબતે પુનઃવિચારણા કરવાની તાતી જરૂરીયાત છે. કારણ કે સર્વિસ જોડાણ માટે બદલાવ લાવો અનિવાર્ય છે. નહીં તો ભવિષ્યમાં કોઈ આચાર્ય બનવા તૈયાર થશે? આચાર્ય બન્યા પછી શિક્ષકની સર્વિસ સળંગ ગણાતી નથી એટલે ઉચ્ચતર પગાર ધોરણમાં નુકસાન થાય છે. એક ઈજાફો મળતો નથી. અને હવે પછી કેન્દ્ર સરકારની પોલિસી મુજબ પેન્શન આપવાનું આવ્યું ત્યારે સર્વિસ જોડાણનો મુદ્દો લાવીને બુદ્ધિશાળી ચાણક્ય સરકારશ્રીની ધ્યાને ઉપરોક્ત બાબત કેમ લાવી શકતા નથી?. મદદનીશ શિક્ષણ નિરીક્ષકથી શિક્ષણ નિરીક્ષક બનતા હોય છે તેમના પ્રમોશન સમયે તો રાજીનામું મૂકવામાં આવતું હોતું નથી? શિક્ષક માંથી આચાર્ય બન્યા એટલે સેવા જોડાણ વચ્ચે આચાર્ય જોલા ખાય છે? જે નિયમો બન્યા છે એમાં સરકારને ધ્યાને દોરીને બદલાવ લાવવા માટે પ્રયાસ કરવાની જગ્યાએ ફાઈલો પાછી મોકલીને શું સિધ્ધ કરવા માંગો છો તે સમજાતું નથી? ગ્રાન્ટેડ સ્કૂલના આચાર્યશ્રીની વેદના અને સંવેદના મુખ્યમંત્રીશ્રી સુધી પહોંચશે ને ત્યારે ખબર પડશે. કમિશનરશ્રી શાળાઓની કચેરીમાં જે જે પરિપત્રો છે એનું મનસ્વી અર્થઘટન ન થાય તે પણ જરૂરી છે.આ બાબતે ચોક્કસ એકતા દર્શાવી પડશે. જેટલી સર્વિસ જોડાણની ફાઈલ લેટ થશે એટલું પેન્શન અમારું લેટ જ થવાનું છે ને એટલે અમે આચાર્ય બન્યા એ અમારી ભૂલ કહેવાય? આદરણીય ડો. પ્રદ્યુમનવાજા સાહેબ અને આદરણીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી રિવાબા જાડેજા બેન ઉપરોક્ત વિષયને પાયોરિટીમાં લઈને આચાર્યશ્રીના જે સર્વિસ જોડાણના પ્રશ્નો છે તેને વાચા આપવાની તાતી જરૂરિયાત છે. ક્યાં સુધી લાચાર બનીને અમારે સર્વિસ જોડાણ માટે કગરવાનું રહે? એ સમયે રાજીનામું શબ્દ કાઢી નાખ્યો હોત અને છુટા કરવા અને અહીંયા હાજર કરવા આ શબ્દ હોત તો આ સેવા જોડાણનો પ્રશ્ન ઉદભવ્યો હોત? જે પણ નિયમો અને અધિનિયમ અને વિનિયમો બને છે તેના સારા અને માઠાં પાસાઓને કેન્દ્રસ્થાને ભવિષ્યમાં તેની સારી શું અસરો પડે તેનું ધ્યાન રાખવું એ શિક્ષણના વ્યક્તિઓની ફરજ છે. લેટ આપીને આનંદ મળતો હોય તો પછી તેનો કોઈ અર્થ ખરો? રાજ્ય સરકારે સળંગ નોકરી ગણી પેન્શન આપવાની જોગવાઈ કરી તેવા સમયે સર્વિસ જોડાણવાળી બાબતોનો સુખદ માર્ગ નીકળવો જોઈએ.આચાર્ય સંઘના અધિવેશનમાં અંબાજી ખાતે કેબિનેટ શિક્ષણમંત્રીશ્રી ડો.પ્રદ્યુમનવાજા સાહેબ સેવા જોડાણનો પરિપત્ર લઈને આવેલા ત્યારે હાજર આચાર્યશ્રી મિત્રો કેટલા રાજી હતા. બે વર્ષનો અજમાઈશ સમયગાળો ક્યારથી લાવવો એ સ્પષ્ટ કરવાની જરૂર છે. મંડળ જ નિમણૂક કરી છે તો રાજ્ય સરકાર ગ્રાન્ટ ઈન કોડમાં સુધારો લાવી અને મંડળ ઠરાવ કરી દે એક વર્ષનો કે છ મહિનાનો અજમાઈ સમયગાળો પૂર્ણ થાય છે. તેમને કાયમી કરવામાં આવે છે તો સર્વિસ જોડાણ કેટલું સરળતાથી થઈ શકશે.

બાળકોને નીતિમતા, મૂલ્યો, આચરણ, સત્ય, સેવા, સમર્પણ, આધ્યાત્મિકતા અને અનેક બાબતોને કેન્દ્રસ્થાને શાળામાં આચાર્યશ્રીઓ કામ કરે છે.શાળાના નવનિયુક્ત આચાર્યોની સર્વિસ જોડાણ સમયે આ બે વર્ષનો સમયગાળો એટલે તેમને ટેન્શનમાં રાખવાનો સમયગાળો એવું માનવું રહ્યું.? હજુ તો આચાર્ય નોકરી ચાલુ છે તેના બે વર્ષ પૂર્ણ થવાના છે ત્યાં સુધી ક્યાં રાહ જોશું? જેટલું લેટ થશે તેમાં સરકાર રાજી છે સરકારને તો આપવું છે. પરંતુ અર્થઘટન કરવાના માધાતાઓ અને માર્ગદર્શન આપનારા શિક્ષણવિદો આના માટે જવાબદાર છે?રાજ્ય સરકારની તમામ કામગીરીમાં આચાર્યશ્રીનો અનન્ય રોલ હોય છે. એવા સમયે સરળતા તરફનો રસ્તો નિર્માણ થાય તેવી કમિશનરશ્રી શાળાઓની કચેરીના સેવા જોડાણ કરતા અધિકારીશ્રીઓ, કર્મચારીઓ પાસે અપેક્ષા છે? ક્યાં સુધી માંગ માંગ કરવાનું રહેશે.આ એક આચાર્યશ્રીનો પ્રશ્ન નથી. ગુજરાત રાજ્યના નવનિયુક્ત તમામનો પ્રશ્ન છે. સંઘના હોદ્દેદારો આ બાબતે પોતાનું સ્ટેન્ડ ક્લિયર કરે. બાકી વિધિએ જે નિર્માણ કર્યું છે તે જ થવાનું છે. સારું કરવામાં ક્યારે પણ પીછેહટ કરવી નહીં.

પૂર્તતા કરવામાં આચાર્ય પૂર્ણ ના થઈ જાય તેની તકેદારી રાખવા સૌ શિક્ષણવિદોને વિનંતી કરું છું. ગ્રાન્ટેડ શાળાઓ કઈ રીતે ચલાવે છે, કેવી પરિસ્થિતિમાં કામ કરે છે, ક્યારેક એસી માંથી બહાર નીકળીને એક લટાર મારો તો ખ્યાલ આવે. ઉપરોક્ત બાબતોનો સુખદ અંત અને રસ્તો નીકળે તે માટે યોગ્ય કરવા સરસ્વતી દેવી શક્તિ આપે તેવી અભિલાષા વ્યક્ત કરું છું.

■ Mo.9825702282

# સગર્ભાવસ્થામાં સંગીતશ્રવણનું મહત્વ અને તેની ગર્ભસ્થશિશુ પર થતી અસર



સગર્ભાવસ્થા દરમિયાન સંગીત સાંભળવું એ માત્ર મનોરંજન નથી, પરંતુ તે માતા અને ગર્ભસ્થ શિશુ બંનેના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં 'ગર્ભસંસ્કાર'માં પણ સંગીતનું વિશેષ મહત્વ દર્શાવવામાં આવ્યું છે.

સગર્ભાવસ્થામાં સંગીત સાંભળવાના મુખ્ય ફાયદાઓ નીચે મુજબ છે:

૧. માતા માટે ફાયદા (Benefits fro Mother)

તણાવમાં ઘટાડો: સંગીત સાંભળવાથી શરીરમાં 'ડોપામાઈન'અને 'એન્ડોર્ફિન' જેવા હેપ્પી હોર્મોન્સ મુક્ત થાય છે, જે ચિંતા અને માનસિક તણાવ ઘટાડવામાં મદદ કરે છે.

સારી ઊંઘ: હળવું અને શાંત સંગીત અનિદ્રાની સમસ્યા દૂર કરે છે અને ઊંઘની ગુણવત્તા સુધારે છે.

બ્લડ પ્રેશર પર નિયંત્રણ: શાંત શાસ્ત્રીય સંગીત સાંભળવાથી હૃદયના ધબકારા અને બ્લડ પ્રેશર સ્થિર રાખવામાં મદદ મળે છે.

૨. ગર્ભસ્થ શિશુ માટે ફાયદા (Benefits fro Baby)

શ્રવણ શક્તિનો વિકાસ: ગર્ભાવસ્થાના આશરે ૨૦માં અઠવાડિયાથી શિશુ બહારના અવાજો સાંભળવાનું શરૂ કરે છે. સંગીત તેના શ્રવણ કોષોને ઉત્તેજિત કરે છે.

મગજનો વિકાસ: સંશોધનો મુજબ, સંગીત સાંભળવાથી શિશુના મગજમાં ન્યુરોન્સના જોડાણો મજબૂત બને છે, જે ભવિષ્યમાં તેની શીખવાની ક્ષમતા અને યાદશક્તિમાં વધારો કરી શકે છે.

પ્રતિક્રિયા આપવી: સંગીત સાંભળતી વખતે ઘણીવાર શિશુ હલનચલન કરીને પોતાની પ્રતિક્રિયા આપે છે, જે તેના શારીરિક વિકાસનો સંકેત છે.

૩. કેવું સંગીત સાંભળવું જોઈએ?

સગર્ભાવસ્થા (Pregnancy) માં સંગીતના પ્રકાર પ્રમાણે ગર્ભસ્થ શિશુ પર થતી મહત્વની અસર સગર્ભાવસ્થા દરમિયાન સંગીત સાંભળવું એ માત્ર માતા માટે જ નહીં, પણ ગર્ભમાં રહેલા શિશુ માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. સંશોધનો મુજબ, ગર્ભસ્થ શિશુ ૧૮ થી ૨૪ અઠવાડિયાની આસપાસ બહારના અવાજો સાંભળવાનું શરૂ કરે છે.

જુદા જુદા પ્રકારના સંગીતની શિશુ પર થતી અસરો નીચે મુજબ છે:

૧. શાસ્ત્રીય સંગીત (Classical Music)

શાસ્ત્રીય સંગીત, ખાસ કરીને ભારતીય રાગો અથવા પશ્ચિમી ક્લાસિકલ (જેમ કે મોઝાર્ટ), શિશુ પર સૌથી વધુ સકારાત્મક અસર કરે છે.

અસર: તે બાળકના મગજના કોષોને ઉત્તેજિત કરે છે, જે ભવિષ્યમાં તેની એકાગ્રતા અને યાદશક્તિ વધારવામાં મદદરૂપ થઈ શકે છે.

રાગ ચિકિત્સા: ભારતીય શાસ્ત્રીય સંગીતમાં 'રાગ યમન' કે 'રાગ બિલાવલ' જેવા શાંત રાગો સાંભળવાથી ગર્ભમાં બાળક શાંતિનો અનુભવ કરે છે.

૨. ભક્તિ સંગીત અને શ્લોક (Devotional Music & Chants)

મંત્રોચ્ચાર અને ભજનની ધ્વનિ તરંગો ખૂબ જ શક્તિશાળી હોય છે.

અસર: ગાયત્રી મંત્ર કે 'ૐ' ના ઉચ્ચારણથી જે કંપન (vibrations) પેદા થાય છે, તે બાળકની નર્વસ સિસ્ટમને શાંત રાખે છે. તે બાળકમાં સકારાત્મક સંસ્કારોના સિંચન માટે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે.

૩. ગર્ભ સંસ્કાર સંગીત (Garbh Sanskar Music)

આ ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ માટે તૈયાર કરવામાં આવેલું સંગીત છે.

અસર: તેમાં વાંસળી, વીણા અને સિતાર જેવા વાદ્યોનો ઉપયોગ થાય છે. આ સંગીત માતાના હૃદયના ધબકારાને નિયંત્રિત કરે છે, જે સીધી રીતે બાળકને તણાવમુક્ત રાખે છે.

૪. પ્રકૃતિના અવાજો (Nature Sounds)

વરસાદના ટીપાં, પક્ષીઓનો કલરવ કે વહેતા પાણીનો અવાજ.

અસર: આ અવાજો બાળકને કુદરતી લય સાથે જોડે છે અને ગર્ભમાં એક સુરક્ષિત વાતાવરણનો અહેસાસ કરાવે છે.

સંગીત સાંભળતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:


અવાજની મર્યાદા (Volume Control): સંગીત હંમેશા ધીમા અવાજે સાંભળવું જોઈએ (આશરે ૫૦ થી ૬૦ ડેસિબલ). ખૂબ મોટો અવાજ ગર્ભસ્થ શિશુને ડરાવી શકે છે અથવા તેના કાનના પડદાને નુકસાન પહોંચાડી શકે છે.

સમયગાળો: દિવસમાં ૨૦ થી ૩૦ મિનિટ સંગીત સાંભળવું પૂરતું છે.

વગાડવું વધુ હિતાવહ છે, જેથી માતા અને બાળક બંને તેનો આનંદ માણી શકે.

માતાની પસંદગી: માતા જે સંગીત સાંભળીને આનંદ અનુભવે, તેની સૌથી શ્રેષ્ઠ અસર બાળક પર થાય છે. કારણ કે જ્યારે માતા ખુશ હોય છે, ત્યારે શરીરમાં 'એન્ડોર્ફિન' (Endrophins) નામના હેપ્પી હોર્મોન્સ મુક્ત થાય છે જે બાળક સુધી પહોંચે છે.

નોંધ: સંગીત સાંભળતી વખતે અવાજની મર્યાદા (Volume) જાળવવી ખૂબ જરૂરી છે. ખૂબ જ ઘોંઘાટવાળું કે લાઉડ મ્યુઝિક શિશુને પરેશાન કરી શકે છે. હંમેશા મધ્યમ કે ધીમા અવાજે સંગીતનો આનંદ લેવો જોઈએ.


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
hemangidmehta@gmail.com

# એક વૃક્ષ વર્ષે ૧૦૦ થી ૧૨૦ કિલો ગ્રામ ઓક્સિજન ઉત્પન્ન કરે છે




બેરાલાલ આજે અલગ જ મુડમાં હતાં. કોઈ ચૂંટણીની સભા નહોતી. કોઈ ભજીયા કે ધગાંઠિયાનો પ્રોગ્રામ નહોતો. છતાંય એનો મુડ ફાટ ફાટ થાતો હતો. એનાં પેટમાં વાત ઉચાળા મારી રહી હતી. કયારે બનેવીલાલ આવે અને કયારે એમને હંભળાવુ.

ત્યાં બનેવીલાલ અને બોસ બન્ને સાથે આવ્યાં.

અને બેરાલાલને મોંકો ઝડી ગયો.

'બનેવીલાલ ! તમે તો કહેતાં હતાં કે ચૂંટણીમાં ટિકિટ મળે તો ઝંપલાવવું છે. અને તમે કાં પાણીમાં બેહી ગયાં!!'

'પાણીમાં કોઈ નથી બેઠું. પણ ટિકિટ તો મળવી જોઈએ ને !! ટિકિટ માટે કેવડું મોટું ધમાસાણ હાલે છે, ઈ તમને ખબર છે!? હારા હારાના નામ કાપી નાખવામાં આવ્યાં છે. કોઈ કોઈ બોલે છે. તો ઘણાં 'ય કોઠીમાં મોં ઘાલીને રડે છે. શું કરે બીચારાં !!?

વરસો સુધી પક્ષમાં દાહોલા કર્યા. અને હવે કાલ હવારનો આવીને ટિકિટ લય જાય છે.'

'એટલે ટિકિટ લઈને કોઈ વયું જાય છે? આ થોડું સુરત છે!? સુરતમાં આવું થાય. પણ, હેં બનેવીલાલ! તમને કે 'દિ ટિકિટ મળશે??'

'મને લાગે છે કે 'દિ આથમણો ઊગશે ને તે 'દિ આપણને ટિકિટ મળશે.'

અભણ અમથાલાલ હંધૂય હાંભળી રહ્યા હતાં. એમણે જ કહ્યું.

'દિ આથમણો જ ઊગ્યો છે. ટી.વી. વાળાઓ ગાઈ- વગાડીને કહી રહ્યા છે. અને જૂની રીલ બતાવી રહ્યા છે. એમાં એક બોલકાં ભાઈ કહી રહ્યા છે, કે.. મારાં ભાઈઓ..! હું પક્ષ બદલવાનો નથી. જે દિવસે સૂરજ આથમણો ઊગશે, તે દિવસે હું પક્ષ બદલીશ. અને હું પક્ષ બદલું એટ્લે તમે માનજો કે, 'દિ આથમણો ઊગ્યો છે.'

બોસનુ અનુમાન હતું કે, ટિકિટ તો જોઈએ એટલી મળે છે. તો પછી બનેવીલાલ ચૂંટણીમાં ઊભાં કેમ રહેતાં નથી!!

'બનેવીલાલ! ટિકિટ તો...'

'હું હમજી ગયો. તમારે હાથે પગે પડવાની જ વાત કરવી છે ને!?? ચૂંટણીમાં ઊભાં રહેવાં (ઉમેદવારો ન મળે એટલે) હાથે પગે લાગવું પડે તો લાગો. પણ...'

'ઈ તમારી વાત એકદમ હાસી છે. પણ !? જામનગરમાં એક ગુજસીટોકનો આરોપી છે. એમની બે ચાર ગેંગ હાલે છે. અસંખ્ય ગુનાઓ એનાં નામે બોલે છે. આવાં એક ભાઈને હાથે પગે લાગીને કહેવું પડયું કે, ભાઈ!! અમારી પાર્ટી ઉપર મહેરબાની કરો. અમારાં પક્ષ તરફથી ચૂંટણી લડો.

હકીકત આ છે. ટી.વી.મા ભલે અલગ આવે.અ

ચૂંટણીનાં માહોલમાં 'ય અમથાલાલ આજે કાંઈક અલગ વાત કરવાનાં મુડમાં હતાં.

'દોસ્તો..! ચૂંટણી અને ઈ હંધૂય તો હાલ્યા જ કરવાનું છે. મારે તમને આજે એક નવી હરિયાળી વાત કરવી છે.'

'વાત અને હરિયાળી?? ઈ વળી કેવું!??'

'હાંભળો.. માણસોને ઓક્સિજન લેવાં હવે ભાડુતી ઓક્સિજન પાર્ક બનવા લાગ્યાં છે. કુદરત અને વૃક્ષો જે ઓક્સિજન મફતમાં આપે છે. હવે પાર્કમાં એનાં પૈસા દેવા પડશે. આવી હાલત થઈ રહી છે. ત્યાં ટાંકણે સરકાર ૭૦૦૦/- વૃક્ષોનુ નિકંદન કાઢવાં જઈ રહી છે.'

'શું વાત કરો છો? ક્યાં આવું થવાનું છે??'

'ધરમપુર તાલુકાના નેશનલ હાઈવે નંબર ૫૬ ના ચાલીસ કિલોમીટર વિસ્તારમાંથી રોડ પહોળો કરવા ૭૦૦૦/- જીવતાં ઝાડવાઓનું કટિંગ થઈ જશે.

એક વૃક્ષ વર્ષે ૧૦૦થી ૧૨૦ કિલો ગ્રામ ઓક્સિજન ઉત્પન્ન કરે છે. અને એક માણસ વર્ષે લગભગ ૫૦૦ કિ. ગ્રામ ઓક્સિજન વાપરે છે. હવે તમે જ કેલ્ક્યુલેટર માંડો. આ વિકાસ ગાંડો છે ? આંધળો છે ?? 'દિ તો આથમણો ઊગ્યો આને કહેવાય!!'

બનેવીલાલ એમ કાંઈ ગાજ્યા જાય એમ નહોતાં.

એમણે હામું લંગર નાખ્યું.

'ગુજરાતનો દિ એમ કાંઈ આથમણો ઊગે ઈ હાલે?'

ગુજરાતીઓને એમ કોઈ અભણ કહે, એટલે શું ગુજરાતીઓ અભણ થઈ જવાનાં!?? અને એમાં 'ય વૃક્ષોની બાબતમાં ગુજરાતનો 'દિ આથમણો ઊગે ઈ તો નો જ હાલે !! સદ્ ભાવના ટ્રસ્ટ, રાજકોટ.અને વિજયભાઈ ડોબરિયા છે. ત્યાં સુધી ગુજરાતનો સૂરજ તો ઉગમણો જ ઉગવાનો છે.'

'કેમ કેમ !!? સદ્ ભાવના ટ્રસ્ટે એવાં તે શું કારનામાં કર્યા છે ?'

'સદ્ ભાવના ટ્રસ્ટે સમગ્ર વિશ્વમાં નો થયું હોય એવું કામ કર્યું છે. સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધીમાં એક કરોડ ચાલીસ લાખ વૃક્ષો વાવીને મોટાં કરી દીધાં છે. ૨૦૩૦ સુધીમાં ૧૫ કરોડ અને ૨૦૪૫ સુધીમાં સમગ્ર દેશમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવીને ગ્રીન ભારત બનાવી દેવાનું અનોખું અભિયાન હાથ ધર્યું છે.'

'અરે પણ આટલું મોટું કામ એક માણસ કેવી રીતે કરી શકે!??'

'વિજયભાઈ ડોબરિયા પાસે ૭૦૦/- ટેન્કર, ૭૦૦/- ટ્રેક્ટર અને ૩૫૦૦/- માણસોનો સ્ટાફ છે.જે દર ચાર દિવસે પાણી આપીને માવજત કરે છે.'

'છતાંય આટલાં બધાં રૂપિયા આવે છે કયાંથી??'

'કામ અને નામ જોઈને દાતાઓ સામેથી આવે છે.

વિજયભાઈ પાસે એક વૃક્ષના રૂપિયા ૩૦૦૦/- આવાં એકથી માંડીને એક લાખ વૃક્ષોના દાતાઓ છે.જે દાતાઓનો આંકડો પાંચેક લાખ ઉપર છે.

હવે તમે જ કહો, આવાં ગુજરાતનો 'દિ, કોઈ દિવસ આથમણો ઊગે!??'

ધારો તો તમેય એક વૃક્ષ વાવીને માણસ જાતને ઓક્સિજન આપી શકો છો. (ઈચ્છા થાય તો કોન્ટેક કરજો. મો.૭૮૬૧૯૩૭૭૩૮)


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ
kalubhaibhad123@gmail.com

# ચાલો રાજસ્થાનના પહાડી કિલ્લાની સફરે...



રાજસ્થાનના પહાડી કિલ્લા ઉત્તર-પશ્ચિમ ભારતના રાજસ્થાનમાં છ ઐતિહાસિક કિલ્લાનો સમૂહ છે. તેમને શ્રેણીબધ્ધ એકત્ર કરી ૨૦૧૩માં યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળ તરીકે નિયુક્ત કર્યા છે. પહાડી કિલ્લા શ્રેણીમાં સામેલ (૧) રાજસમંદનો કુંભલગઢ કિલ્લો, (૨) જયપુરનો આમેર કિલ્લો, (૩) ચિત્તોડગઢનો ચિત્તોડ કિલ્લો, (૪) જેસલમેરનો જેસલમેર કિલ્લો, (૫) સવાઈ માધોપુરનો રણથંભોર કિલ્લો અને (૬) ઝાલાવાડનો ગાગરોન કિલ્લો એ જાણીતા અને પ્રાચીન કિલ્લા છે.

રાજસ્થાનમાં ટેકરીઓ અને પર્વતીય ભૂપ્રદેશ પર સોથી વધુ કિલ્લેબંધી છે. 'રાજસ્થાનના પર્વતીય કિલ્લા' યુનેસ્કોને અરવલ્લી પર્વતમાળામાં ૫ રાજપૂત કિલ્લા દ્વારા રચાયેલી શ્રેણીબધ્ધ મિલકતરુપે રજૂ કરવામાં આવ્યા હતા અને ૫મી અને ૧૮મી સદી દરમિયાન વિવિધ રાજ્યોના રાજપૂત રાજાઓ દ્વારા નિર્માણ કરાવ્યા હતા.આ કિલ્લામાંના કેટલાક કિલ્લામાં ૨૦ કિમી લાંબી રક્ષણાત્મક કિલ્લેબંધી દિવાલ છે, જે હજુ પણ શહેરી કેન્દ્રોમાં ટકેલી છે અને ઉપયોગમાં લેવાતી પાણી સંગ્રહ પધ્ધતિ છે.

રાજપૂતો સ્થાપત્ય ગ્રંથોનું પાલન કરતા હતા, જે તેમની ભૂગોળના આધારે કિલ્લાના વિવિધ પ્રકારનું વર્ગીકરણ કરતા હતા. પ્રાચીન સાહિત્યિક સંદર્ભમાં ૪ પ્રકારના કિલ્લાનો સમાવેશ થાય છે; ટેકરી પરના કિલ્લા, પાણીના કિલ્લા, વન કિલ્લા અને રણ કિલ્લા. વિશ્વ ધરોહર સ્થળોની આ શ્રેણી માત્ર રાજસ્થાનના ટેકરી પરના કિલ્લા પર બનાવી હતી. જેમાં ઘણા કિલ્લા ફક્ત ટાઈપોલોજીના આધારે બાકાત રાખ્યા હતા. જેમ કે જૂનાગઢ કિલ્લો જે જમીનનો કિલ્લો છે. જે કિલ્લાઓ શહેરી વસાહત માટે બનાવ્યા નહોતા તેમને બાકાત રાખ્યા હતા.

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે નોંધેલા કિલ્લાના આધારે રાજસ્થાનના કિલ્લાની યાદી બનાવી હતી. સેંકડો કિલ્લામાંથી, ૫૪ કિલ્લાની સઘન તપાસ કરાઈ હતી, કેમ કે તેમાં રાજપૂત લશ્કરી સ્થાપત્યની અભિન્ન લાક્ષણિકતાઓ હતી.

(૧) કુંભલગઢ કિલ્લો : ભારતની મહાન દીવાલ તરીકે ઓળખાતો કુંભલગઢ કિલ્લો, અરવલ્લી પર્વતમાળાની પશ્ચિમી શ્રેણી પર આવેલ મેવાડનો કિલ્લો છે. આ કિલ્લો વિશ્વના સૌથી મોટા કિલ્લા સંકુલોમાંનો એક છે. પુરાવાના અભાવે કિલ્લાનો પ્રારંભિક ઈતિહાસ જાણી શકાતો નથી. રાણા કુંભાએ નવો કિલ્લો બનાવ્યો તે પહેલાં, એક નાનો કિલ્લો હતો, જે નાના ડુંગરાળ વિસ્તાર સુધી મર્યાદિત હતો, જે મૌર્યના રાજા સંપતિએ નિર્માણ કરાવ્યો હોવાનું મનાય છે, જે મત્સ્યેન્દ્ર દુર્ગ તરીકે ઓળખાતો હતો. હાલ જે કિલ્લો જોઈએ છીએ તે સિસોદિયા રાજપૂત કુળના રાણા કુંભાએ નિર્માણ કરાવ્યો હતો. રાણા કુંભાએ તે યુગના પ્રખ્યાત સ્થપતિ, "મંડન"ની મદદ લીધી હતી. તેમના શાસનમાં આવેલા ૮૪ કિલ્લામાંથી, રાણા કુંભાએ તેમાંથી ૩૨ કિલ્લા બનાવ્યા હોવાનું કહેવાય છે, જેમાંથી કુંભલગઢ સૌથી મોટો અને સૌથી વિસ્તૃત છે. કુંભલગઢ કિલ્લાનો વિશાળ દરવાજો, જેને રામ પોલ (રામ દરવાજો) કહે છે. કિલ્લાની અંદર ૭૦થી વધુ મંદિર છે, જેમાં જૈન અને હિન્દુ એમ બંને ધર્મના મંદિરો છે.

(૨) આમેર કિલ્લો : આમેર કિલ્લો જે આમેરમાં આવેલો એક કિલ્લો છે. ટેકરી પર ઉંચાઈ પર સ્થિત આવેલો આ કિલ્લો જયપુરનું મુખ્ય આકર્ષણ છે.આમેર કિલ્લો તેની કલાત્મક શૈલી માટે ખાસ જાણીતો છે. અહીંના મોટા કિલ્લા અને દરવાજાની શ્રેણી અને કાંકરીવાળા રસ્તા સાથે, આ કિલ્લોમાં ઓટા તળાવને જુએ છે, જે આમેર મહેલ માટે પાણીનો મુખ્ય સ્ત્રોત છે. આમેર એક મીના રાજ્ય હતું, જેના પર સુસાવત કુળનું શાસન હતું. જેને હરાવ્યા પછી, દુલ્હેરાઈના પુત્ર કાકિલ દેવે ખોહ પછી અંબેરને ધુંધરની રાજધાની બનાવી. આમેર કિલ્લો મૂળ રાજા માન સિંહે નિર્માણ કરાવ્યો હતો. જયસિંહે તેનો વ્યવસ્થિત વિસ્તાર કર્યો. એ પછીના ૧૫૦ વર્ષોમાં શાસકો દ્વારા સુધારા-વધારા કરવામાં આવ્યા, જ્યાં સુધી ૧૭૨૭માં સવાઈ જય સિંહના સમય દરમિયાન કછવાહોએ તેમની રાજધાની જયપુર ખસેડી હતી.

(૩) ચિત્તોડ કિલ્લો : ચિત્તોડ કિલ્લા તરીકે ઓળખાતો ભારતનો આ સૌથી મોટો કિલ્લો છે. આ કિલ્લો પહેલાં મેવાડની રાજધાની હતો અને હાલ ચિત્તોડગઢ શહેરમાં સ્થિત છે . તે બેરાચ નદી દ્વારા વહેતી ખીણના મેદાનોથી ઉપર ૨૮૦ હેક્ટર (૬૯૧.૯ એકર) વિસ્તારમાં ફેલાયેલી ૧૮૦ મીટર (૫૯૦.૬ ફૂટ) ઊંચાઈવાળી ટેકરી પર ફેલાયેલો છે. ચિત્તોડગઢનું મૂળ નામ ચિત્રકૂટ હતું. કહેવાય છે કે આ કિલ્લાનું નિર્માણ સ્થાનિક મોરી રાજપૂત શાસક ચિત્રાંગદ મોરી દ્વારા કરવામાં આવ્યું હતું .એક દંતકથા અનુસાર,કિલ્લાનું નામ તેના નિર્માતા પરથી પડ્યું છે. બીજી લોક દંતકથા મુજબ, કિલ્લાના નિર્માણનું શ્રેય સુપ્રસિધ્ધ નાયક ભીમને આપતા જણાવે છે કે, ભીમે અહીં જમીન પર પ્રહાર કર્યો હતો, જેના પરિણામે પાણીનો પ્રવાહ વહેતો થયો અને એક મોટું જળાશય બન્યું હતું. ભીમે બનાવેલ જળસ્ત્રોત ભીમતાલ કુંડ નામનું કૃત્રિમ તળાવ છે. જયમલ પટ્ટા તળાવ કિનારે ૯મી સદીના ઘણા નાના બોધ્ધ સ્તૂપ મળ્યા હતા, જે લિપિ પર આધારિત હતા.

(૪) જેસલમેર કિલ્લો : જેસલમેર શહેરમાં આવેલો આ કિલ્લો વિશ્વના ખૂબ ઓછા 'જીવંત કિલ્લા'માંનો એક કિલ્લો મનાય છે (જેમ કે કાર્કાસોન,ફ્રાન્સ ), કારણ કે જૂના શહેરની વસ્તીનો લગભગ એક ચતુર્થાંશ વસ્તી હજુ પણ કિલ્લામાં વસે છે. આ કિલ્લો રાજસ્થાનનો બીજો સૌથી પ્રાચીન કિલ્લો છે, જે ૧૧૫૬ ADમાં રાજપૂતોએ નિર્માણ કરાવ્યો હતો. એક દંતકથા અનુસાર, આ કિલ્લો ૧૧૫૬ CEમાં ભાટી રાજપૂત રાવલ જેસલ દ્વારા નિર્માણ કરાયો હતો. એક કથા મુજબ, લોધ્રુવ ખાતેના પહેલાંના બાંધકામથી જેસલ અસંતુષ્ટ હતો અને જ્યારે જેસલે જેસલમેરની સ્થાપના કરી ત્યારે નવી રાજધાની સ્થાપિત થઈ હતી.

(૫) રણથંભોર કિલ્લો : રણથંભોર કિલ્લો એ એક પહાડી કિલ્લો છે, જે સવાઈ માધોપુરની નજીક રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાનની અંદર આવેલો છે. આ કિલ્લા પર બત્રીસ ખાંબા આવેલા છે, આ એક ભયંકર કિલ્લો છે, જે રાજસ્થાનના ઐતિહાસિક વિકાસનું કેન્દ્રબિંદુ ગણાય છે. જો કે, રણથંભોર કિલ્લાનું ચોક્કસ મૂળ હજુ પણ વિવાદિત છે, પરંતુ સામાન્ય રીતે એવું સ્વીકારવામાં આવે છે કે કિલ્લાના સ્થળે ૮મી સદીમાં એક વસાહત હતી. આ કિલ્લાનું નિર્માણ ચાહમન દ્વારા કરાયું હોવાનું માનવામાં આવે છે. એવું મનાય છે કે કિલ્લાનું બાંધકામ ૧૦મી સદીના મધ્યમાં શરૂ થયું હતું અને પછી થોડી સદી સુધી ચાલુ રહ્યું હતું. ૧૩મી સદીમાં દિલ્હી સલ્તનતે થોડા સમય માટે તેના પર કબજો કર્યો હતો. આ કિલ્લો આસપાસના રણથંભોર રાષ્ટ્રીય ઉદ્યાનને મનોહર દશ્ય પ્રદાન કરે છે અને લોકપ્રિય પ્રવાસી આકર્ષણ બની રહ્યો છે.

(૬) ગાગરોન કિલ્લો : ગાગરોંન કિલ્લો ઝાલાવાડ જિલ્લામાં એક ટેકરી પર આવેલો કિલ્લો છે. આ કિલ્લો ટેકરી અને પાણીના કિલ્લાનું બેનમૂન ઉદાહરણ છે. આ કિલ્લો બારમી સદીમાં બિજલદેવ સિંહ ડોડ ( રાજપૂત રાજા) દ્વારા નિર્માણ કરાયો હતો. પાછળથી, આ કિલ્લા પર શેર શાહ અને અકબરનું નિયંત્રણ રહ્યું હતું. આ કિલ્લો આહુ નદી અને કાલી સિંધ નદીના સંગમસ્થાન પર નિર્માણ કરવામાં આવ્યો હતો. આ કિલ્લો ત્રણેય બાજુથી પાણીથી ઘેરાયેલો અને ચોથી બાજુ ખાઈથી ઘેરાયેલો છે, તેથી આ કિલ્લો 'જલદુર્ગ'ના નામે પણ ઓળખાય છે.આ કિલ્લાએ ૧૪ યુધ્ધો અને રાણીઓના ૨ જૌહર જોયાં હોવાનું પણ કહેવાય છે.


જીવન તરંગ
જયસ્વી પટેલ
sanjogpurti@gmail.com

# ગાજર ખાધાં !



એક જંગલમાં એક નાનું અને ધોળું-ધોળું સસલું રહેતું હતું. એનું નામ હતું સ્વીટુ. સ્વીટુને ગાજર બહુ ભાવે! એક દિવસ સ્વીટુ નદીકિનારે ફરવા ગયું. તેણે જોયું કે નદીની સામે પાર તો લાલ-લાલ તાજાં-તાજાં ગાજર ઊગ્યાં છે. લાલ-લાલ તાજાં-તાજાં ગાજર જોઈ સ્વીટુના મોંમાં પાણી આવી ગયું. પણ નદીમાં તો બહુ પાણી હતું. સ્વીટુ વિચારવા લાગ્યું, 'મારે તો લાલ-લાલ તાજાં-તાજાં ગાજર ખાવાં છે. પણ હું સામે પાર જઈશ તો કેવી રીતે જઈશ?'

એટલામાં ત્યાં ધમધમ ધમધમ કરતો ગજ્જુ હાથી આવ્યો. ગજ્જુ તો સ્વીટુનો પાકો દોસ્ત! ગજ્જુ કહે, 'કેમ સ્વીટુ, તું આટલો ઉદાસ કેમ છે? તું શું વિચારી રહ્યો છે?' સ્વીટુ બોલ્યું, ''ગજ્જુભાઈ, જુઓ ને! સામે પાર કેવાં મજાનાં લાલ-લાલ તાજાં-તાજાં ગાજર છે! એ તો મને દૂરથી ચોકલેટના પહાડ જેવાં લાગે છે! મારે એ લાલ-લાલ તાજાં-તાજાં ખાવાં છે, પણ મને તરતાં તો આવડતું નથી. બસ એ જ વિચારું છું કે આ નદીની સામે પાર જવું શી રીતે! પણ મને કોઈ ઉપાય જડતો નથી. લાગે છે આજે મને લાલ-લાલ તાજાં-તાજાં ગાજર ખાવા નહિ મળે!''

સ્વીટુની વાત સાંભળી ગજ્જુ હાથી ખડખડાટ હસ્યો અને બોલ્યો, 'અરે દોસ્ત, તું જરાય ચિંતા ન કરીશ! હું છું ને! ચાલ, તું ઝટપટ મારી પીઠ પર બેસી જા. હું તને સામે પાર લઈ જાઉં. તું તારે લે' ર થી પેટ ભરીને લાલ-લાલ તાજાં-તાજાં ગાજર ખાજે અને મોજ કરજે!'

મિત્ર ગજ્જુની વાત સાંભળી સ્વીટુ રાજીરાજી થઈ ગયું. એ તરત કૂદકો મારીને ગજ્જુની પીઠ પર બેસી ગયું. ગજ્જુ નદીના પાણીમાં ચાલવા લાગ્યો - છબ-છબ... છબ-છબ! ધબધબ ધબધબ! સ્વીટુને તો બહુ મજા પડી! જાણે કોઈ મોટા જહાજમાં બેઠો હોય તેવું લાગ્યું! તેણે ગજ્જુના મોટા કાન પકડી લીધા. ગજ્જુએ પોતાની સૂંઢથી સ્વીટુ પર પાણી ઊડાડ્યું. સ્વીટુ તો હસવા લાગ્યું, 'હા... હા... હા...!' મસ્તી કરતાં કરતાં જોતજોતામાં ગજ્જુ હાથી સ્વીટુને લઈને સામે પાર પહોંચી ગયો. ત્યાં તો ગાજર જ ગાજર!

સ્વીટુએ ગજ્જુને કહ્યું, 'ગજ્જુભાઈ, યુ આર માય બેસ્ટ ફ્રેન્ડ! તમે મને મદદ કરી એટલે જ હું આ લાલ-લાલ તાજાં-તાજાં ગાજર સુધી પહોંચી શક્યો.' પછી તો ગજ્જુએ પોતાની સૂંઢથી જમીનમાંથી ગાજર કાઢ્યાં અને સ્વીટુને આપ્યાં. બંને મિત્રોએ પેટ ભરીને ગાજર ખાધાં. બંને પાણીમાં છબછબિયાં કરતા, ગાતાં-ગાતાં પાછા ફર્યા :

લાલ-લાલ ગાજર ખાધાં!
મીઠાં-મીઠાં ગાજર ખાધાં!
તાજાં-તાજાં ગાજર ખાધાં!
સ્વીટુભાઈએ ગાજર ખાધાં!
ગજ્જુભાઈએ ગાજર ખાધાં!


રે વાર્તા!
મનીષ સુથાર
Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે FICCI ના ૧૦૦ વર્ષની ઉજવણીનો પ્રારંભ

અમદાવાદ,તા.૨૧


મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં 'ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી' (FICCI) ની સ્થાપનાના ૧૦૦ વર્ષની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવા અભિયાનોથી ભારત આત્મનિર્ભરતા તરફ વેગથી આગળ વધી રહ્યું છે. મુખ્યમંત્રીએ ગુજરાતની વિકાસયાત્રા પર પ્રકાશ પાડતા કહ્યું કે, રાજ્ય દેશના જીડીપીમાં ૮.૩% અને કુલ નિકાસમાં ૨૭% યોગદાન સાથે અગ્રેસર છે. 'વિકસિત ગુજરાત ૨૦૪૭' રોડમેપ દ્વારા રાજ્યના અર્થતંત્રને ૩.૫ ટ્રિલિયન યુએસ ડોલર સુધી લઈ જવાનો લક્ષ્યાંક છે. સેમિકન્ડક્ટર પોલિસી અને ગ્રીન ગ્રોથ ક્ષેત્રે ગુજરાત હવે ગ્લોબલ સપ્લાય ચેનનું કેન્દ્ર બની રહ્યું છે. ફિક્કીના અધ્યક્ષ અનંત ગોએન્કાએ ગુજરાતની ઉદ્યોગલક્ષી નીતિઓની પ્રશંસા કરી રાજ્ય સરકાર સાથે સહયોગ વધારવાની ઉત્સુકતા દર્શાવી હતી.




# કેરળના ત્રિશૂર જિલ્લામાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતા ૧૩ લોકોના મોત, ૮ ગંભીર

મુંડાથિકોડ,તા.૨૧

કેરળના પ્રખ્યાત 'ત્રિશૂર પૂરમ' ઉત્સવની હર્ષોલ્લાસ સાથે થતી તૈયારીઓ વચ્ચે મુંડાથિકોડ ખાતે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ છે. ઉત્સવ માટે સંગ્રહિત કરવામાં આવેલા ફટાકડાના પાંચ શેડમાં અચાનક આગ લાગતા પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ કરૂણ ઘટનામાં ૧૩ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ચાલીસથી વધુ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. ઈજાગ્રસ્તો પૈકી આઠ લોકોની હાલત અત્યંત નાજુક હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા સેવાઈ રહી છે. ઘટના બાદ તુરંત પોલીસ અને ફાયર બ્રિગેડની ટુકડીઓએ સ્થળ પર પહોંચી રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. હાલમાં ૧૮ ઈજાગ્રસ્તો ત્રિશૂર મેડિકલ કોલેજમાં સારવાર હેઠળ છે અને અન્ય લોકોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. આ વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે પાંચેય શેડ સંપૂર્ણપણે નાશ પામ્યા છે અને સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે. આ દુર્ઘટનાએ તહેવારના માહોલને શોકમાં ફેરવી નાખ્યો છે.



# સુરત મહાનગરપાલિકા ચૂંટણીને લઈ સી.આર. પાટીલે 'આપ' અને કોંગ્રેસ પર કર્યા આકરા પ્રહાર

સુરત,તા.૨૧



પાંડેસરામાં 'ચાય પે ચર્ચા' દરમિયાન કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે વિપક્ષો પર નિશાન સાધ્યું હતું. તેમણે આમ આદમી પાર્ટીને પડકાર ફેંકતા કહ્યું કે, જો ગત ચૂંટણીમાં જીતેલી ૨૭ બેઠકોમાં દમ હોય તો ફરી જીતી બતાવો. પાટીલે ઉમેર્યું કે જો કોર્પોરેટરોએ પાંચ વર્ષમાં નોંધપાત્ર કામ કર્યું હોત, તો તેમને હારનો ડર ન હોત.

તેમણે કોંગ્રેસના નબળા અસ્તિત્વ પર પણ કટાક્ષ કર્યો હતો. પાટીલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે જનતા વિકાસના આધારે મતદાન કરશે અને સુરતમાં ફરી ભાજપનો ભગવો લહેરાશે.

# કેદારનાથ ધામના દ્વાર આજે ખુલશે : મંદિર પરિસરમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ

કેદારનાથ,તા.૨૧



કેદારનાથ યાત્રાનો પ્રારંભ ૨૨ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સવારે ૮ વાગ્યે મંદિરના દ્વાર ખોલવાની સાથે થશે. આ વર્ષે મંદિરની પવિત્રતા જાળવવા માટે વહીવટીતંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે મંદિર પરિસરમાં મોબાઈલ ફોનનો ઉપયોગ સખત પ્રતિબંધિત છે. ભક્તો ફોટા પાડી શકશે નહીં, વીડિયો ઉતારી શકશે નહીં કે રીલ્સ બનાવી શકશે નહીં. મંદિર સમિતિના સભ્ય વિનીત પોસ્તીએ જણાવ્યું કે, નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ, ઉત્તરકાશીમાં આવેલ ગંગોત્રી ધામ ૧૯ એપ્રિલે અક્ષય તૃતીયાના પર્વે શ્રધ્ધાળુઓ માટે ખુલી ગયું છે. દ્વાર ખુલતાની સાથે જ વિશ્વભરમાંથી ભક્તો ઉમટી પડ્યા છે. પૂજારી અશોક સેમવાલે જણાવ્યું કે આજે ત્રીજા દિવસે પણ ભક્તોની લાંબી કતારો જોવા મળી રહી છે અને સમગ્ર ખીણ 'જય મા ગંગા' ના નાદથી ગુંજી ઉઠી છે.

# 'કોંગ્રેસ જીતી તો રૂપિયોય ગ્રાન્ટ નહીં મળે' આણંદના સાંસદ મિતેશ પટેલનું વિવાદાસ્પદ નિવેદન

આણંદ,તા.૨૧



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારમાં આણંદના સાંસદ મિતેશ પટેલના વિવાદાસ્પદ નિવેદને રાજકીય ગરમાવો વધાર્યો છે. આંકલાવમાં આયોજિત જાહેર સભામાં તેમણે મતદારોને સંબોધતા કહ્યું કે, જો ભૂલથી પણ કોંગ્રેસ જીતશે તો વિકાસ માટે એક રૂપિયો પણ ગ્રાન્ટ નહીં મળે. તેમણે સ્પષ્ટ ધમકી આપી કે જિલ્લા કે તાલુકા પંચાયતમાં વિપક્ષ જીતશે તો ત્યાં વિકાસ અટકી જશે. કોંગ્રેસે આ નિવેદનને બંધારણીય અધિકારોનો ભંગ અને સત્તાની તુમાખી ગણાવી આકરો વિરોધ નોંધાવ્યો છે.

# કોડીનાર પોલીસે ઝૂંપડપટ્ટીમાંથી દેશી દારૂના જથ્થા સાથે પાંચ શખ્સો ઝડપાયા

કોડીનાર,તા.૨૧


જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. રાજેન્દ્રસિંહ ચુડાસમાએ ચાર્જ સંભાળતાની સાથે જ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે ગીર સોમનાથ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચના મુજબ કોડીનાર વિસ્તારમાં પ્રોહિબિશન અંતર્ગત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવતા એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડને મોટી સફળતા મળી છે. પોલીસ ટીમોએ મળેલી ચોક્કસ બાતમીના આધારે કોડીનારના દક્ષિણામૂર્તિ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પાંચ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન દેશી દારૂ બનાવતા કાળુરામ મંગીલાલ રાઠોડ, લાખાભાઈ માવજીભાઈ મંદુરીયા, રણજીતભાઈ મનસુખભાઈ મંદુરીયા, અનીલભાઈ કાનાભાઈ મંદુરીયા અને જોમુબેન પીતાંબરભાઈ મંદુરીયા સહિત પાંચ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે સ્થળ પરથી ૬૬૫ લીટર દેશી દારૂ અને આથો સહિત કુલ રૂ.૨૯,૪૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.


તસવીર : કુલદીપ પાઠક

# ગોંડલના ચોરડી પાસે પાઈપલાઈનમાં ભંગાણથી લાખો લિટર પાણીનો વેડફાટ

ગોંડલ,તા.૨૧

ગોંડલ તાલુકાના ચોરડી ગામ પાસે નેશનલ હાઈવે પર બ્રિજ નિર્માણ દરમિયાન કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે. ખોદકામ ચાલતું હતું તે દરમિયાન ભાદર ડેમની મુખ્ય પાઈપલાઈન તૂટી જતાં પાણીના ૨૫ ફૂટ ઊંચા ફુવારા ઉડ્યા હતા. ભર ઉનાળે જ્યારે પીવાના પાણીની ભારે તંગી હોય છે ત્યારે લાખો લિટર શુધ્ધ પાણી રસ્તાઓ પર વહી ગયું હતું. આ પાણીનો ધસમસતો પ્રવાહ ચોરડી ગામની શેરીઓમાં અને નીચાણવાળા રહેણાંક વિસ્તારોમાં ઘુસી જતાં જનજીવન ખોરવાયું હતું. ગામના માર્ગો પર ગોઠણસમા પાણી ભરાઈ જવાથી અને કાદવ-કીચડ થવાથી રહીશોને હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનિકોએ તંત્ર અને એજન્સી સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. લાઈનમાં પાણીનું દબાણ વધુ હોવાથી પ્રવાહ રોકવા માટે જેસીબીની મદદથી કલાકો સુધી ભારે જહેમત ઉઠાવવી પડી હતી.


તસવીર : ભોજાણી દેવાંગ


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ –રાજુલા**

બસ સ્ટેશન પાસે, મું.રાજુલા, જી.અમરેલી.-૩૬૫૫૬૦

**જાહેરાત**

આથી લાગતાં વળગતા વ્યકિત / સહકારી સંસ્થા / વેપારી પાર્ટીઓને જાણ કરવામાં આવે છે કે, શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-રાજુલાની માલીકીનાં આગરીયા રોડ ઉપર આવેલ પેટા બજાર ચોગાનવાળી જમીનમાં રોડ સાઈડ ૬૦X૬૦ ચો.ફુટ સાઈઝની ખુલ્લી જગ્યા ૪૯ વર્ષનાં લીઝ ભાડાપટે બજાર સમિતિનાં નિતિ-નિયમોનુસાર માસીક લીઝ ભાડેથી આપવાની હોય, તો રસ ધરાવતી વ્યકિત /સહકારી સંસ્થા / વેપારી પાર્ટીઓએ પોતાની ઓફર સીલ બંધ કવરમાં આ જાહેરાત પ્રસીધ્ધ થયેથી દિન-૭ માં બજાર સમિતિ-રાજુલાની કચેરીએ મોકલી આપવા આથી જાણ કરવામાં આવે છે.

નોંધઃ- કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય આવેલ અરજી નો સ્વીકાર કે અસ્વીકાર કરવો તેમજ લીઝ ભાડાપટે આપવી કે ન આપવી તેનો હકક બજાર સમિતિ-રાજુલાને આબાધિત રહેશે.

| | | |
|---|---|---|
| પીઠાભાઈ કે.નકુમ | રાજેશભાઈ કે.કાકડીયા | રાજેશભાઈ આર.પરસાણા |
| વા.ચેરમેન | સેક્રેટરી | ચેરમેન |

**શ્રી ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ–રાજુલા**

બસ સ્ટેશન પાસે, મું.રાજુલા, જી.અમરેલી. ફોન.નં. (૦૨૭૯૪) ૨૨૨૦૪૭



**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપેલ હતી.જેની વિગત નીચે મુજબ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજે-આંબા ના ખેડ ખાતા નં.૮૫૯ જેના રે.સર્વે નં.૫૯/૨ પૈકી ૪, જેનુ કુલ ક્ષેત્રફળ :- ૧-૯૯-૩૧હે.આરે. ચો.મી. (૧) મંજુલાબેન ખોડાભાઈ સાવજના નામે ચાલે છે. જે જુની શરતની છે. ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમાં તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો,લાગ ભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવી ને મજકુર મિલકત અમારા અસીલ ને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે.જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગરતો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે (દિન-૫) મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાયત કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી


# અમેરિકા સાથે શાંતિ વાટાઘાટોમાં હવે કોઈ રસ નથી: ઈરાન વિદેશ મંત્રાલય

તહેરાન,તા.૨૧



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના નેતૃત્વમાં એક ટીમ ઈસ્લામાબાદ મોકલવાની હિલચાલ વચ્ચે ઈરાને કડક પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાગાઈએ સ્પષ્ટ કર્યું છે કે, તેહરાનનો અમેરિકા સાથે હવે શાંતિ વાટાઘાટોમાં કોઈ રસ નથી.

ઈરાને જણાવ્યું કે ધમકીઓ અને વાટાઘાટો એકસાથે અશક્ય છે. જ્યાં સુધી અમેરિકા ઈરાની બંદરો પરથી નૌકાદળની નાકાબંધી નહીં હટાવે, ત્યાં સુધી કોઈ પણ પ્રકારની ચર્ચા શક્ય નથી. ઈરાનનો આરોપ છે કે અમેરિકા વચનોથી પીછેહઠ કરી રહ્યું છે. જો અમેરિકા ટીમ મોકલશે, તો તે તેમના માટે ચિંતાનો વિષય બનશે, કારણ કે ઈરાન કોઈ ટીમ મોકલવાનું નથી.

# અમરેલી શહેરના વોર્ડ નં.૪માં ભાજપ અગ્રણીઓની મુલાકાત

અમરેલી,તા.૨૧



અમરેલી શહેરના વોર્ડ નંબર ૪ માં આજે વિશેષ રાજકીય મુલાકાત યોજાઈ હતી. પૂર્વ નગરપાલિકા કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયાના નિવાસસ્થાને રાજુલા-જાફરાબાદના લોકપ્રિય ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને જિલ્લા ભાજપ મહામંત્રી ચેતનભાઈ શિયાળ શુભેચ્છા અર્થે પધાર્યા હતા. આ પ્રસંગે શહેર ભાજપના પૂર્વ મહામંત્રી ભરત મકવાણા, કોળી સમાજના વરિષ્ઠ આગેવાન જગદીશભાઈ ધરજીયા, કિશોરભાઈ ચૌહાણ અને પીએમ મકવાણા સહિત જ્ઞાતિના અન્ય અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# રશિયા ભણવા ગયેલા યુવાનોને યુધ્ધમાં ધકેલી દેવાયા, અત્યાર સુધીમાં ૧૩ના મોત

રેવાડી,તા.૨૧

હરિયાણાના રેવાડીનો અંશુ ભણવા માટે રશિયા ગયો હતો. ત્યાં તેને સૈનિક બનાવીને યુક્રેન યુધ્ધમાં ઉતારી દેવામાં આવ્યો. યુધ્ધ ક્ષેત્રમાં તેનું મૃત્યુ થયું. લગભગ ૬ મહિના પછી ૧૭ એપ્રિલે તેનો મૃતદેહ ઘરે પહોંચ્યો. પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. આવું જ દુઃખ હરિયાણા, પંજાબ, રાજસ્થાન જેવા દેશના ઘણા રાજ્યોના ઘણા પરિવારોનું છે. યુવાન પુત્રોને રશિયા મોકલવા માટે કોઈએ જમીન વેચી તો કોઈએ લોન લીધી. હવે ત્યાં કોઈનું મૃત્યુ થયું છે તો કોઈ ગુમ છે. દોઢ વર્ષમાં ૪ રાજ્યોના ૧૩ યુવાનોના મૃતદેહ ઘરે આવી ચૂક્યા છે. દેશભરના સેંકડો યુવાનો હજુ પણ ગુમ છે. દિવ્ય ભાસ્કરે આવા યુવાનોના પરિવારો સાથે વાત કરી. જાણવા મળ્યું કે એજન્ટોએ લલચાવીને યુવાનોને સ્ટડી, વર્ક, ટુરિસ્ટ વિઝા પર રશિયા મોકલ્યા. ત્યાં પૈસાની લાલચ આપીને અથવા ડરાવી-ધમકાવીને બળજબરીથી આર્મીમાં ભરતીનો કોન્ટ્રાક્ટ સાઈન કરાવ્યો.


**શ્રી સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ - સંચાલિત**

**શ્રી સહજાનંદ આર્ટ્સ & કોમર્સ કોલેજ - દામનગર**

તા.લાઠી, જિ.અમરેલી, પીન :- ૩૬૫૨૨૦

**બીજો પ્રયત્ન**

ઉપરોક્ત કોલેજમાં ખાલી પડેલી શૈક્ષણિક જગ્યાઓ માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઉમેદવારોએ તમામ જરૂરી પ્રમાણપત્રો સાથેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ - ૧૦માં ઉપરના સરનામે રજી. એડીથી મોકલી આપવાની રહેશે.

**આસીસ્ટન્ટ પ્રોફેસર : સમાજશાસ્ત્ર, હિન્દી, ગુજરાતી, મનોવિજ્ઞાન, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, એકાઉન્ટન્સી.**

લાયકાત :- ૫૫% માસ્ટરડીગ્રી NET, SLET

**પ્રિન્સીપાલ :- Ph.D, NET, SLET ને પ્રાધાન્ય**
**પી.ટી.આઈ. Ph.D, NET, SLET અથવા M.P.Ed**

પગાર ધોરણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમો મુજબ

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી

# ધંધુકા હત્યાકાંડના આરોપીઓના ગેરકાયદે મકાનો પર ફરી વળ્યું 'દાદાનું બુલડોઝર'



ધંધુકા,તા.૨૧

અમદાવાદ જિલ્લાના ધંધુકા પંથકમાં યુવકની નિર્મમ હત્યાના મામલે હવે વહીવટી તંત્ર અને પોલીસ એક્શન મોડમાં આવી ગયા છે. આ ઘટનાના પડઘા હજુ શાંત પડ્યા નથી ત્યાં જ, રાજ્ય સરકારના આદેશ બાદ આજે વહેલી સવારથી આરોપીઓના ગેરકાયદેસર બાંધકામો પર 'બુલડોઝર' ફેરવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

તંત્ર દ્વારા હાથ ધરાયેલી આ આક્રમક કાર્યવાહી અંતર્ગત નગરના ખાટકી વાસમાં આવેલા ગેરકાયદે બાંધકામોને જમીનદોસ્ત કરવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓએ સરકારી જમીનો પર દબાણ કરીને ગેરકાયદે સામ્રાજ્ય ઉભું કર્યુ હતું. આ ડિમોલિશન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એસપી, ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓનો ચુસ્ત પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે.

# ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો: નોકરીએ જતાં-આવતાં અકસ્માત થશે તો પણ મળશે વળતર



અમદાવાદ,તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે કર્મચારીઓના હિતમાં એક ક્રાંતિકારી ચુકાદો આપ્યો છે. અદાલતે ઠરાવ્યું છે કે, જો કોઈ કર્મચારીનું નોકરીએ જતી વખતે અથવા ઘરે પરત ફરતી વખતે અકસ્માતમાં મૃત્યુ થાય, તો તેને 'ચાલુ ફરજ' દરમિયાન થયેલું મૃત્યુ જ ગણવામાં આવશે. આ નિર્ણયને કારણે હવે મૃતકના વારસદારો 'કર્મચારી વળતર અધિનિયમ' હેઠળ વળતર મેળવવા હકદાર બનશે.જસ્ટિસ જે.સી. દોશીએ આ ચુકાદામાં 'નોશનલ એક્સટેન્શન ઓફ એમ્પ્લોયમેન્ટ' (રોજગારનું સૈધ્ધાંતિક વિસ્તરણ) સિધ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે. આ સિધ્ધાંત મુજબ, કર્મચારી ઘરેથી નીકળે અને પરત પહોંચે ત્યાં સુધીનો સમયગાળો તેની નોકરીનો જ ભાગ ગણાય છે. વર્ષ ૨૦૦૨ના એક કેસમાં વીમા કંપનીની દલીલોને ફગાવતા હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, કંપનીઓ ટેકનિકલ કારણો આપી વળતર ચૂકવવાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. આ ચુકાદો રાજ્યના લાખો શ્રમિકો માટે સુરક્ષા કવચ સમાન સાબિત થશે.

# જોટાણા તાલુકામાં વારસાઈમાં નામ દાખલ કરવા લાંચ લેતા તલાટી અને VCE ઝડપાયા

**બંને વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો**

મહેસાણા,તા.૨૧

મહેસાણાના જોટાણા તાલુકાના હરસુંડલ ગ્રામ પંચાયતમાં એસીબીએ સફળ છટકું ગોઠવી ભ્રષ્ટ કર્મચારીઓને ઝડપી પાડ્યા છે. પિતાના અવસાન બાદ વારસાઈ જમીનમાં નામ દાખલ કરવા માટે તલાટી વિવેક ચૌધરી અને VCE વિશાલ ઠાકોરે ફરિયાદી પાસે રૂ.૧૨,૦૦૦ની લાંચ માંગી હતી.જાગૃત નાગરિકે લાંચ આપવાને બદલે એસીબીનો સંપર્ક કર્યો હતો. ગઈકાલે પંચાયત કચેરીમાં આયોજિત ટ્રેપ દરમિયાન, નક્કી થયા મુજબ રૂ.૧૦,૦૦૦ની લાંચ સ્વીકારતા બંને આરોપીઓને એસીબીની ટીમે રંગેહાથ દબોચી લીધા હતા. હાલ બંને વિરુધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગુરબાડા તાલુકામાં લગ્નના જમણવાર બાદ ૪૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ



દાહોદ,તા.૨૧

ગરબાડા તાલુકાના અભલોડ ગામમાં એક લગ્ન પ્રસંગના જમણવાર બાદ ૪૦૦થી વધુ લોકોને ખોરાકી ઝેર (ફૂડ પોઈઝનિંગ) ની અસર થતા અફરાતફરી મચી ગઈ હતી. સોમવારે સાંજે યોજાયેલા આ જમણવારમાં પનીરનું શાક અને કેરીનો રસ આરોગ્યા બાદ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ લોકોની તબિયત બગડવા લાગી હતી. ઘટનાની ગંભીરતા જોતા ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો દ્વારા દર્દીઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી ૫૦ જેટલા દર્દીઓ દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં અને ૧૫૦થી વધુ લોકો ખાનગી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે, જ્યારે ૨૦૦ જેટલા લોકોને ગામમાં જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી . સ્થાનિક ધારાસભ્ય અને આરોગ્ય વિભાગના અધિકારીઓએ સ્થળ પર દોડી જઈ તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેરમાં ફકત ૨૦ રૂપિયાની ઉઘરાણીમાં આધેડની હત્યા

જામનગર,તા.૨૧

જામનગર શહેરમાં પાંચ દિવસ પહેલાં માત્ર વીસ રૂપિયાની માંગણીને લઈને હત્યાના પ્રયાસની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. અને ઈજાગ્રસ્ત ને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતાં, જેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજતાં આ બનાવ હત્યામાં પલટાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નવીવાસ વિસ્તારમાં રહેતા રમેશભાઈ નારણભાઈ દતાણી (૫૫), જેઓ ફુટપાથ પર રેકડી ચલાવી જીવન નિર્વાહ કરતા હતા, તેઓ ઉપર આજથી પાંચ દિવસ પહેલાં વહેલી સવારના સમયે હુમલો કરવામાં આવ્યો હતો. રમેશભાઈ નવીવાસ વિસ્તારના એક મકાનના ઓટલા પર સુતા હતા, ત્યારે આરોપી ઈતિયાઝ ઉર્ફે ભોયો યુનુસભાઈ ગામેતીએ ત્યાં આવી બળજબરીથી ૨૦ રૂપીયાની માંગણી કરી હતી. પૈસા આપવાની ના પાડતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો, અને છરી વડે પેટના ભાગે ત્રણ ઘા મારી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

# રાજકોટ જિલ્લા પોલીસે ૨૫૦૦ કરોડના સાયબર ફ્રોડમાં બેંક મેનેજર સહિત ૩ કર્મચારીઓને ઝડપ્યા



રાજકોટ,તા.૨૧

૨૫૦૦ કરોડના મસમોટા સાયબર ફ્રોડ મામલે રાજકોટ જિલ્લા પોલીસે 'ઓપરેશન મ્યુલ હંટ'અંતર્ગત વધુ ત્રણ બેંક કર્મચારીઓની અટકાયત કરી છે. જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના જણાવ્યા મુજબ, ઝડપાયેલા આરોપીઓમાં ખાનગી બેંકના મેનેજર કલ્પેશ ડાંગરિયા અને પર્સનલ બેંકર મૌલિક કમાણી તથા અનુરાગ બાલધાનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓ સાયબર ચીટર્સને ખોટા નામે પેઢીના એકાઉન્ટ ખોલવામાં, સહીઓ બદલવામાં અને બેંકિંગ મર્યાદાઓ બાયપાસ કરવામાં મદદ કરતા હતા. તેઓ રોકડ ઉપાડવા અને આંગડિયા મારફતે નાણાં મોકલવામાં પણ સહયોગ આપતા હતા. અત્યાર સુધી આ કેસમાં ૨૦ લોકોની ધરપકડ થઈ છે અને કુલ ૮૫ બેંક એકાઉન્ટ્સમાંથી ૨૫૦૦ કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે.

# કાલાવડ તાલુકામાં પૂરઝડપે આવતી કારે શેરડીનો રસ પીતા બે લોકોને કચડી નાખ્યા



જામનગર,તા.૨૧

કાલાવડ તાલુકાના માર્ગ પર એક ભયાનક અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવતી એક કારના ચાલકે કાબૂ ગુમાવતા કાર સીધી જ રોડની સાઈડમાં આવેલા શેરડીના રસના ચિચોડામાં ઘૂસી ગઈ હતી. આ દુર્ઘટનામાં શેરડીનો રસ પીવા ઉભેલા લોકો પૈકી એક મહિલા અને એક કિશોરનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું છે, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

અકસ્માતના સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે ચાલકે સ્પીડ બ્રેકર હોવા છતાં કારની ગતિ ધીમી કરી ન હતી. અકસ્માત સર્જી ચાલક કાર છોડી ફરાર થઈ ગયો છે. પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# અમરેલી સહિત રાજયમાં અંગ દઝાડતી ગરમીથી લોકો ત્રાહીમામ

**બપોરના સમયે બિનજરૂરી બહાર ન નિકળવા તંત્રનો અનુરોધ**



અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં ઉનાળો હવે તેના આકરા મિજાજમાં જોવા મળી રહ્યો છે. સોમવારે અમરેલી ૪૦.૯°c સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું જ્યારે અમદાવાદમાં પારો ૪૦.૨°c ને વટાવી ગયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગરમીનું જોર હજુ વધશે અને ખાસ કરીને ૨૬ એપ્રિલે મતદાનના દિવસે તાપમાન ૪૩°c સુધી પહોંચવાની શક્યતા છે. રાજકોટમાં સૌથી વધુ ૪૨°c તાપમાન રહેવાની ધારણા હોવાથી લોકોએ બપોરના સમયે બહાર નીકળવાનું ટાળવું જોઈએ અને પુષ્કળ પાણી પીવું જોઈએ.

**બોમ્બ બનાવવાની તાલીમ લઈ, હુમલા માટે ફંડ એકત્ર કરતા હતા**

# 'ગઝવા-એ-હિન્દ'નું કાવતરૂ ઘડનારા બે શખ્સોને ઝડપી પાડતી એટીએસ

**એટીએસે સિધ્ધપુરથી ૨૨ વર્ષીય યુવકને ઝડપી પાડી,વાંધાજનક સાહિત્ય કબજે કર્યુ**



અમદાવાદ,તા.૨૧

ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) એ દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર મોટી કાર્યવાહી કરતા બે કટ્ટરપંથી યુવકોની ધરપકડ કરી છે. આ આરોપીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં રહીને ભારતમાં 'ગઝવા-એ-હિન્દ' ની સ્થાપના કરવાનું ખતરનાક કાવતરું ઘડી રહ્યા હતા. એટીએસના પી.એસ.આઈ એ.પી. પરમારને મળેલી ચોક્કસ બાતમીને આધારે સિધ્ધપુરના ૨૨ વર્ષીય ઈરફાન પઠાણ નામના યુવકને ઝડપી લેવામાં આવ્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓ બોમ્બ બનાવવાની તાલીમ મેળવી રહ્યા હતા અને હુમલા માટે ફંડ એકઠું કરવામાં વ્યસ્ત હતા. આરોપીઓ પાસેથી વાંધાજનક સાહિત્ય અને ડિજિટલ પુરાવાઓ મળી આવ્યા છે જેમાં "ખૂલ્લેઆમ કાફિરો કો મારેંગે, ફીર શરિયત હોગા" જેવી ઉગ્રવાદી ચેટનો સમાવેશ થાય છે. આ પકડાયેલા શખ્સો કટ્ટરપંથી વિચારધારાથી પ્રેરિત થઈને દેશની શાંતિ અને સુરક્ષા જોખમમાં મૂકવાની તૈયારી કરી રહ્યા હતા. હાલમાં એટીએસ દ્વારા આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સાગરીતોની શોધખોળ અને ઊંડી તપાસ હાથ ધરવામાં આવી રહી છે જેથી ભવિષ્યના કોઈ મોટા જોખમને ટાળી શકાય અને તેમની સંપૂર્ણ યોજનાનો ખુલાસો થઈ શકે.

# ગીરની કેસર કેરીની જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં મબલખ આવક



જૂનાગઢ,તા.૨૧

ગીરની વિશ્વપ્રસિધ્ધ કેસર કેરીની સીઝન હવે તેના પૂરબહારમાં ખીલી ઉઠી છે. છેલ્લા પાંચ દિવસથી જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેરીની આવકમાં તોતિંગ વધારો નોંધાયો છે, જેના પરિણામે ગ્રાહકોને પ્રારંભિક ઊંચા ભાવોમાંથી મોટી રાહત મળી છે. સીઝનની શરૂઆતમાં જ્યાં દૈનિક માત્ર ૫૦ થી ૧૦૦ બોક્સ આવતા હતા, ત્યાં હવે ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ બોક્સની આવક થઈ રહી છે. આ વિપુલ જથ્થાને કારણે શરૂઆતમાં જે બોક્સના ભાવ ૧,૫૦૦ થી ૨,૦૦૦ રૂપિયા હતા, તે હવે ઘટીને ૭૦૦ થી ૧,૨૦૦ રૂપિયાની સપાટીએ પહોંચી ગયા છે. જોકે, આ સસ્તા ભાવ ગ્રાહકો માટે ખુશી લાવ્યા છે પરંતુ ખેડૂતો અને ઈજારદારો માટે ચિંતાનો વિષય બન્યા છે. કમોસમી વરસાદ અને ગ્લોબલ વૉર્મિંગના કારણે પાકને થયેલા વ્યાપક નુકસાનથી તેઓ અત્યારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.





